Ekatra Foundation

અંક ૨ ઑક્ટોબર ૨૦૧૩



# સંચયન 2

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક

**રમણ સોની**



# દીપોત્સવીની

અઢળક શુભેચ્છાઓ

અને

# નૂતન વર્ષનાં

હાર્દિક અભિનંદન



Preserve and spread Gujarati literature through digitization

## એકત્ર ફાઉન્ડેશન
### સંચયન -ઈ-સામયિક

**પ્રકાશક : અતુલ રાવલ**
135 Tradition Pkwy
Flowood, MS 39231 - USA
email : atulraval@ekatrafoundation.org
phone: 704-756-1325

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**
email : mashru@ekatrafoundation.org

**સંપાદક : રમણ સોની**
૧૮ હેમદીપ સોસાયટી,જૂનો પાદરા રોડ
વડોદરા ૩૯૦૦૧૫
e-mail : ramansoni46@gmail.com
phone : 91-9228215275

**વ્યવસ્થાપક : શ્રેયા સંઘવી**
e-mail : sn_sanghvi95@yahoo.co.in
phone : 91-9712936249

## NAVIGATION નેવિગેશન

અનુક્રમમાંની કોઈપણ કૃતિ – કવિતા, વાર્તા, વ. –પસંદ કરીનેતમે જોવા ઇચ્છતા હો તો અનુક્રમની એ વિગત પર માઉસ મૂકીને ક્લિક કરવાથી સીધું જ એ પાના પર જઈ શકાશે.

http://www.ekatramagazines.com
અમારી પ્રવૃત્તિઓનું એક નવું સોપાન

ઇ-મેઈલના માધ્યમથી અમે એને
તમારા સુધી પહોંચાડી રહ્યા છીએ.
જેને જેને ‘સંચયન’ મેળવવામાં રસ હોય એમના
**ઈ-મેઈલ** અમને જણાવશો

સૌ મિત્રો એને અમારી વેબસાઈટ
પર પણ વાંચી શકશે

**તમારાં સૂચનો અને પ્રતિભાવો**
**જરૂર જણાવશો**

અમારાં સૌનાં
email અને સરનામાં અહીં મૂકેલાં જ છે.

**આભાર અને સ્વાગત**

ડીઝાઈન અને નિર્માણ : અતુલ રાવલ ⚜ લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

સંચયન–૨

# અનુક્રમ


ગુર્જરી ગિરા **ઉમાશંકર જોશી** ૪

સંપાદકીય **રમણ સોની** ૫

ગીત **હરીશ મીનાશ્રુ** ૮

ગઝલ **કીર્તિકાન્ત પુરોહિત** ૯

સુગંધ **ગિરીશ ભટ્ટ** ૧૧

જનેરિક **મધુ રાય** ૧૭

ન્યાયતંત્રમાં અંગ્રેજીકરણ **અંબાલાલ ઉપાધ્યાય** ૨૩

નટવરલાલજીનો ગરબો **‘શેષ’** ૨૫

ઍન્જ્યોગ્રાફી **રતિલાલ બોરીસાગર** ૨૮

નહીં લખાયેલી આત્મકથાનું પાનું **ઉમાશંકર જોશી** ૩૫

ઇંગ્લંડનો પ્રવાસ **કરસનદાસ મૂલજી** ૪૦

ગુજરાતીનાં સામયિકો **કિશોર વ્યાસ** ૪૪

દુર્ગાની આકૃતિ આળેખતી મિથિલાની સ્ત્રી ૪૯

છબીકાર **જ્યોતિ ભટ્ટ** ૪૯ આસ્વાદક **પીયૂષ ઠક્કર** ૫૦

આ અંકના લેખકો ૫૨

પ્રકાશકીય : વાચકોના પ્રતિભાવો ૫૩

# ગુર્જરી ગિરા

જે જન્મતાં આશિષ હેમચંદ્રની
પામી, વિરાગી જિન-સાધુઓ તણી
જેને તપસ્યા ગળથૂથીમાં મળી,
રસપ્રભા ભાલણથી લહી જે
નાચી અભંગે નરસિંહ-મીરાં-
અખા તણે નાદ વડી ઉમંગે,
આયુષ્મતી લાડકી પ્રેમાનંદની,

દૃઢાયુ ગોવર્ધનથી બની જે,
અર્ચેલ કાન્તે દલપતપુત્રે,
તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા
ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.

ઉમાશંકર જોશી

# સંપાદકીય

## ઘર-મેળાવડો

**રમણ સોની**

ગઈ વખતે 'સંચયન'ને બારણે ઊભા રહીને દશ્ય-અદશ્ય વાચકોને જોવા નેજવાં ખેંચેલાં. બધાંયને પ્રત્યક્ષ કર્યા વિના પણ, વિશ્વાસે સૌને 'સ્વાગત' કહેલું.

આજે, અંક પ્રગટ થયો (ગઈ ૨૧ઑગસ્ટે) ત્યારથી આજ સુધી દર્શક વાચકો ઈમેઈલના બારણામાંથી ઘરમાં આવી પહોંચ્યા છે. બિલકુલ વાચકસભા. સભા જોઈને ભાષણ કરવાની લાલચ થાય – પણ એ રોકીને, બધાં વચ્ચે બેસી જઈ વાતો કરું છું...

અહીં, સાહિત્યરસ કેળવવા માગતા વિસ્મિત મિત્રો પણ છે, જિજ્ઞાસુ સાહિત્યરસિકો પણ છે ને કેટલાક, સાહિત્યના ઉત્તમ જાણકારો પણ છે – બધાંએ પ્રેમથી, સચ્ચાઈથી અભિનંદન આપ્યા - 'એક્સેલન્ટ'ના ઉમંગથી લઈને 'ખરેખર સારું છે'ની શુભેચ્છાઓ સુધીના mails મળ્યા છે – ફોન પણ. લગભગ બધાંને આ ઉપક્રમ ને ઉદ્યમ જરૂરી ને 'ઉપયોગી'લાગ્યો એ મોટી વાત. ચયન ગમ્યું એટલું જ નહીં, અતુલનું નયનરમ્ય અને દૃષ્ટિભર્યું નિર્માણ પણ ગમ્યું બધાંને.

પ્રતિભાવો મોટા પ્રમાણમાં મળ્યા છે. એની વાત આ અંકમાં આગળ અલગ મૂકી જ છે. પણ મારે અહીં બે-એક વાત કરવી છે. એક એ કે માર્ગદર્શક બને એવાં વિધાયક સૂચન આપનાર સહૃદય વાચકમિત્રો પણ મળ્યા; અને બીજું એ કે સાહિત્યસિવાયના વિષયોના બે વિદ્વાનોએ લખ્યું કે, પોતાને સામાન્ય રીતે જે પ્રકારનાં સાહિત્યિક લખાણોમાં – જેમકે કવિતા કે આત્મકથનમાં – સાવ ઓછી રુચિ હતી, ને એ વાંચવાનું, બને તો ટાળતા હતા, પરંતુ આ 'સંચયન'માં મૂકેલી  કવિતા કે આત્મકથનની કૃતિઓ એમને રસપ્રદ ને તૃપ્તિકર લાગી. એટલે લાગે છે કે 'સંચયન'માં, દિશા તો બરાબર પકડાઈ છે.

પરંતુ અમે અપેક્ષા નહીં પણ ધારણા રાખેલી એવા કેટલાક સાહિત્યકારો પત્રકારો હજુ નિરુત્તર છે. એ કદાચ તેલની ધાર (= પછીના અંકો?) જોયા પછી બોલવા વિચારતા હશે અથવા રાજીપો એમણે મનોમન વ્યક્ત કર્યો હશે, પ્રગટ રીતે વ્યક્ત કરવાનું એમણે જરૂરી નહીં ગણ્યું હોય – ઠીક છે, સારું છે, એમાં કહેવા-લખવાનું શું?  વળી કેટલાકે હજુ રૅપર (= PDF) ખોલ્યું પણ ન હોય – એમ બને.

પણ, મુખ્યત્વે જેમને માટે આ સામયિક છે – અથવા જેમને માટે 'છે'એવું અમે ધારેલું, એમનો રાજીપો તો અમારા સુધી અચૂક અને ઉમળકાથી પહોંચ્યો જ છે. બસ, એનો આનંદ ઓછો નથી.

પણ, આથી સંતોષ થઈ ગયો એવું નથી. જે ઉપયોગી સૂચનો મળ્યાં છે  એને અમે હવે પછી ખપમાં લઈ રહ્યા છીએ. વળી, અંક પ્રકાશિત થઈ ગયા પછી, એને એક વાચકની નજરે નિરાંતે જોવાનું મને સંપાદક તરીકે હંમેશાં ગમ્યું છે. એને કારણે કેટલીક બાબતો મને – ને અતુલને પણ –સૂઝી છે.  એ આ અંકમાં જોઈ શકાશે.

o

છેલ્લે, એક સવાલ તો રહે જ છે : 'સંચયન'ના આ અંકનું તેમજ 'સંચયન'ની આખી પ્રવૃત્તિનું એક સ્થાપત્ય એટલે કે  આર્કીટેક્ચર ઊભું થાય છે ? કે પછી આ બધાં લખાણો, કોઈ કવિતા કે આત્મકથા-અંશ કે ચિત્ર..., એ છૂટકછૂટક શિલ્પરચનાઓ તરીકે જ જોવાનાં ને માણવાનાં છે ? કોઈ પણ સામયિકનો – એ છપાયેલું હોય કે આમ ઈ-સામયિક હોય, એનો આ પ્રાણ પ્રશ્ન છે.

આજની ઘડીથી – એટલે કે 'સામ્પ્રત'થી લઈને ગુજરાતીના છેક જૂના સમય સુધી નજર ફરી વળે છે ત્યારે પસંદગીની જે જે કૃતિઓ મનમાં ઊપસે છે, એમાંથી વળી પાછું 'ચયન' કરવાનું આવે છે ત્યારે, સાહિત્યનો ઓછો પરિચય ધરાવતા, પણ પરિચય માટે ખૂબ ઉત્સુક એવા રસિકો જ સૌથી પહેલાં ધ્યાનમાં આવે છે, આનંદનાં પગથિયાં ચડતાંચડતાં કલા-મૂલ્યનો તથા વિચાર-સમૃદ્ધિનો ભેટો થતો જાય – એ, ગણો તો, આ 'સંચયન'નું સ્થાપત્ય છે. આપણે નવા આર્કીટેક્ચર પ્રમાણેનું અટપટું અજાયબઘર કરવું નથી – સાવ અજાણ્યા વૈભવી ઘરમાં જનાર નવોસવો મહેમાન કાં તો લપસણી ખુરશીમાં ઉભડક બેસે કે પછી પોચા સોફામાં એવો અંદર ગરી  જાય કે હવે  કેમ ઊભા થવાશે  એવી ચિંતા એને થાય — એવું ઘર નથી બનાવવું 'સંચયન'ને.

જૂના વખતના ઘરની ઉપમા આપીને કહું તો મહેમાનને ઓરડામાં લઈ જતાં પહેલાં ખુલ્લી પરસાળના હીંચકે કે ઢાળેલી ખાટે બેસાડવા છે. પહેલું સ્વાગત આંગણે અને પહેલી મહેમાનગતિ પરસાળમાં.

આદરપાત્ર ઉત્તમ સાહિત્યકૃતિઓ ને લખાણો એવાં પસંદ કરવાં કે એને માટે પહેલાં તો ચાહના જાગે. નરસિંહ મહેતાએ કહ્યું છે કે 'પ્રેમના તંતમાં સંત ઝાલે' –એમ પ્રેમના તંતુએ ઝાલીને પછી વાચકોને નવા પ્રદેશોમાં લઈ જવા.  ક્રમશઃ એવા પ્રદેશો ખોલતા જવું...

જેમણે વધુ અને બધું વાંચ્યું છે એવા પરિપક્વ વાચકોને પણ ઉત્તમ વાંચેલું તાજું થશે, ફરી સ્મરણે ચડ્યાનો આનંદ મળશે.

તો આથી વધારે વળી શું કહેવાનું ?

વાચકસભાને સસ્નેહ વંદન.

રમણસોની

હરીશ મીનાશ્રુ    કીર્તિકાન્ત પુરોહિત

# કવિતા



# ગીત

## હરીશ મીનાશ્રુ

એક ખિસકોલી
કાચી મફળીનું એક ફોફું ફોલે છે જાણે
મોતીની હોય ના છિપોલી

અમરૂદની જેમ ગોળ અજવાળું ઝાલીને ઝીણા ઝીણા બેસાડે દાંત
થડિયામાં ખરબચડો રેલો થઈ જાય, એની પૂછિયે કદી ન જાતપાંત

ડાહ્યાડમરાજી કહી ડમરાની ડાંખળીની
કરતી એ કેવો ઠિઠોલી
એક ખિસકોલી

આગલા બે પંજાની પોચાશે ઠોલે એ અધકચરી ઇચ્છાનો ઠળિયો
કેમ કરી ખંખેરે પીઠે ચોંટેલી ચાર દંતકથા જેવી આંગળિયો

રંગરેજ કાચિંડે ખીજ એની પાડી છે
ખાખરાની ઊડણખટોલી
એક ખિસકોલી

રાખોડી ભાષા ને ધૂળિયો અવાજ : એનું બડબડવું બાવનની બહાર
એનું કહ્યું જ બધાં માને છે : પોપચાં એ ખોલે તો પડતી સવાર

આપણી જ જાણબહાર આપણાં જ ગીત મહીં
આપણને લેતી કરકોલી
એક ખિસકોલી

એતદ્, જૂન, ૨૦૧૩

# ગઝલ

## કીર્તિકાન્ત પુરોહિત

સાર ને પ્રસ્તારની વચ્ચે ઊભો છું હું,
ધાર ને મઝધારની વચ્ચે ઊભો છું હું.

એક પા છે આગ ને બીજી તરફ દરિયો,
માર ને પ્રતિકારની વચ્ચે ઊભો છું હું.

ભાવ ઘટતાં લાગણીનો ના થયો સોદો,
પ્યાર ને વ્યાપારની વચ્ચે ઊભો છું હું.

વિસ્મરણની છે સફર અદલ સ્મરણ જેવી,
ભાર ને નિર્ભારની વચ્ચે ઊભો છું હું.

આંગણે પાછો ફર્યો વર્તુળની યાત્રામાં,
ત્યાર ને અત્યારની વચ્ચે ઊભો છું હું.

'કીર્તિ' પણ આખર જતી મક્તાના ચરણોમાં,
હાર ને સ્વીકારની વચ્ચે ઊભો છું હું.

ધબક, જૂન, ૨૦૧૩

ગિરીશ ભટ્ટ મધુ રાય

# વાર્તા



વાર્તા - ૧



# સુગંધ

## ગિરીશ ભટ્ટ

એ બપોરે સાવ અચાનક જ એ સુખ શુચિતાની ઝોળીમાં ઠલવાયું હતું. તે ચકિત થઈ ગઈ હતી. આંખો ચમકી હતી. મન ખળખળ્યું હતું. છેલ્લાં બે વર્ષમાં આવું ક્યારેય બન્યું હતું? સરે ફાઈલો તપાસતાં તપાસતાં કહ્યું : 'તું પાર્લામાં રહે છે ને? ઈસ્ટમાં? વાહ, સરસ. તો આવી જા મારી ગાડીમાં. મારે ત્યાં એક મૅરેજ-રિસેપ્શન અટેન્ડ કરવાનું છે. તારી કંપની રહેશે. બસ, તો બી રેડી. દશ મિનિટમાં જ નીકળીએ.'

મહાનગર-નિવાસી માટે આ પણ એક સુખ જ ગણાય. છેલ્લાં બે વર્ષોથી લોકલ ટ્રેનોમાં અપડાઉન કરતી હતી, ભીડમાં અફળાતી, ભીંસાતી, પિસાતી હતી. એક ચીજ બની જતી હતી...

આ હાડમારીઓ તેની જિંદગીનો હિસ્સો બની ગઈ હતી. અપશબ્દો, ગાળાગાળી, અપમાનો અર્થહીન બની ગયાં હતાં.

પરમેશ્વરીએ તેને આ ભીડ વચ્ચેથી લોકલ ટ્રેનમાં આરોહણ કરવાનું શીખવ્યું હતું. અને એ જ રીતે અવતરણ. એ પછી પણ બે મુક્ત શ્વાસો લઈને દોડવાનું જ હતું – લક્ષ્ય ભણી; કાં ઑફિસ ભણી કે પછી ઘર ભણી. ઘરે પહોંચીને તરત સ્નાન કરી લેતી. દિનભરનાં થાક, પ્રસ્વેદ, મથામણોથી હળવા થવાનો આ એક જ રસ્તો હતો.

એ તો સાથે પરમેશ્વરી હોય ને એટલે હસી પણ લેતી – આ બધાં વચ્ચે.

પરમેશ્વરી અનુભવી હતી. પાંચ વર્ષથી આમ જ હતી – અપડાઉન કરતી.

તે ક્યારેક કહેતી : 'શુચિ, પછી તું જ ટેવાઈ જઈશ. અરે, પછી તો તું ય ભળી જઈશ એ ટોળામાં. તું માનીશ?– મનેય ક્યારેક એ લોક સાથે ગાળો બોલવાનું મન થઈ જાય છે!

બીએચકેથી ઓળખાતી વ્યવસ્થામાં બીજો ફ્લૅટ પરમેશ્વરીનો હતો. એકાકી સ્રી હોવાનાં સુખદઃખ તે હસીને સહી લેતી હતી. હા, તેણે જ શુચિતાને જૉબ અપાવી હતી. 'કરને જૉબ, તારા પુરુષને તારી કમાણી સાકર જેવી લાગશે. એનો થોડો સ્વાદ તનેય મળશે.'

એમ જ થયું હતું. વિશ્વાસે કહ્યું : 'તેં જૉબ મેળવી? કોણે, પરમેશ્વરીએ? ગુડ. જો, સાચવવાનું. કેવો છે તારો બૉસ ? અને શું આપવાનો છે મંથલી-પેમાં?'

એ રાતે તેણે શુચિને કેટલી ખુશ કરી હતી? ટીપ પણ આપી હતી : 'જો, કોઈથી ડરવાનું નહીં. સાવધ રહેવાનું.'

૨

શુચિના લંબગોળ ચહેરા પર પ્રસન્નતાની સાથે હળવાશ અનુભવાઈ. એકવાર માટે પણ આવી મુક્તિ ક્યાંથી? તે જોઈ રહી એ દશ્યો જે રોજ ભજવાતાં હતાં, બે વખત. આજે તે એમાં નહીં હોય. એ લોકલ ટ્રેન તેના વિના જ દોડશે! અને પોતે હશે આરામદાયક બે ઠકમાં. જતી હશે સડસડાટ, લિસ્સી સડકો પરથી. સર ડ્રાઇવિંગ કરતા હશે ને તે કાચમાંથી આખી દુનિયા નિહાળતી હશે !

ભીડનો તો પ્રશ્ન જ નહીં હોય. બે જ વ્યક્તિઓ – તે અને સર. અને પાછું, ખાસ્સી વહેલી પહોંચી શકશે તેના ઉપનગરમાં. શૉપિંગ કરી શકશે, મહાલક્ષ્મી મંદિરે દર્શન થશે, નિરાંતવી પ્રદક્ષિણા ફરી શકશે.

પછી ફ્લૅટ પર આવીને મસ્તીથી સ્નાન કરશે.

આખો ઉપક્રમ કલ્પાઈ ગયો. આને સુખ જ કહેવાય ને! સો ટચનું ટનાટન સુખ. જેને યાદ કરવું ગમે તે સુખ.

પરમેશ્વરી શું કહેતી હતી : 'નથી યાદ કરવો એ મરદને. હા, તેની લાતો શરીર પર ચચરે છે ક્યારેક અને ક્યારેક મન પર. શું ખોટી છું, આમ એકલી? એકાદ ચીજના બદલામાં સ્રીએ આખી જિંદગી હોમી દેવી?'

શુચિને પતિ યાદ આવી જતો હતો. અરે, તેની સાથે જ પહેલીવાર મોટરગાડીમાં બેઠી હતી? લગ્ન પછી! ગાડીમાં ભીડ હતી. તે બન્ને હતાં, ડ્રાઈવર અને બીજી બે સ્રીઓ હતી. અને એક પુરુષ ગોઠવાવા મથામણ કરતો હતો.

ગાડી ચાલી પછી પવન આવતાં રાહત લાગી હતી. ત્યારે તેણે ધારીને એ પુરુષને જોયો હતો. દાંત સારા નહોતા પણ અવાજ સારો લાગ્યો. આછી મૂછ પણ ગમી. એ પછી તે ઓળખવા મથી રહી તેના પુરુષને. ક્યાં પૂરો ઓળખાયો હતો હજી પણ?

ક્યારેક રાતે પ્રશ્નાવલિ થતી : 'બૉસ કશું કરતો તો નથીને, અડપલાં બડપલાં? અને બીજાઓ? દરેકને ઓળખું છું, શુચિ. સ્રી-દાક્ષિણ્યનો દેખાવ કરે અને લાભ લેતા જાય.'

તે કાયમ શંકાશીલ રહેતો, શુચિ માટે. અવારનવાર પર્સ, વસ્રો બધું જ તપાસી લેતો.

શુચિને મન થતું કે તે પણ આવા જ પ્રશ્નો પૂછે પતિને. નવી દિનચર્યામાં, જે થોડો સમય મળતો હતો એ પણ આમ વેડફાતો હતો.

બધી જ વાતો થોડી કહેવાય પરમેશ્વરીને? પણ તે સમજી જ જતી હતી.

તે કહેતી હતી શુચિને : 'એમ થાય છે ને કે આખી જિંદગી લોકલ ટ્રેનમાં જ પૂરી થઈ જાય...ક્યાંય ઊતરવાનું જ ના આવે. એ...ય લહેરથી દબાતાં, પિસાતાં હાલક-ડોલક ચાલ્યા જવાનું.'

શુચિને લાગ્યું કે પરમેશ્વરી પાસે સાચું સુખ હતું.

## ૩

અચાનકજ એક સુખ લાધ્યું હતું શુચિતાને.

સરે કહ્યું : 'બેસી જા, આગલી બેઠક પર.'

તે બેસી ગઈ. પછી થયું – 'આ તો સરની પાસે જ! પાછળની બેઠક તો ભરચક હતી. સરની બ્રિફકેસ, સરનો કોટ અને મસમોટો પુષ્પગુચ્છ. વધારાનો વૉટરજગ. તે યોગ્ય જ હતી, આ બેઠક પર.

થયું – 'આ બેઠક પર સરનાં પત્ની જ કાયમ બેસતાં હશે ને ? સરની પાસે તો તે જ હોય ને? પણ આજે તે હતી. વિચિત્ર લાગતું હશે સરને.

અને સરે પણ હસીને એ જ કહ્યું, 'શુચિતા, આ જગ્યા નિરુપમાની. તે જ બેસે, હકપૂર્વક. નિરુપમાની કઝિનના સનનાં મૅરેજ છે. સારું થયું, તું આવી. એકલા એકલા તો કંટાળી જવાય.'

'હા સર' તે ટહુકી, સહાસ્ય.

બૉસ અને કર્મચારી વચ્ચે અંતર તો ખરુંને ? તે ના પૂછી શકી કે કેમ નહોતાં નિરુપમા મેડમ...

થયું કે સર તેમની નિરુપમા વિના વિહ્વળ હશે. તેમની પાસે બેસતી, ગોષ્ઠિ કરતી એ રસિકા આજે નહોતી. અને એ સ્થાને તે હતી. વિચિત્ર અનુભૂતિ થવા લાગી શુચિતાને.

કોઈ જુએ તો શું માની લે. પતિ-પત્ની જ ને? ખાસ્સી રમૂજ થઈ, ગુદગુદી થઈ.

પછી નિઃશ્વાસ નખાયો. આ બધું લખ્યું જ હોય છે, દરેક છોકરીની ડાબી હથેળીમાં. એ મુજબ જ કોઈની પત્ની બનાય. બીજી પળે થયું – ખરેખર, એવું જ હશે?

ત્યાં સર બોલ્યા : 'પાણી પીવું છે ? પાછળ વૉટરજગ છે. આ નિરુપમાની ટેવ. બધું જ પરફેક્ટ જોઈએ. કશું જ ના ભૂલે.'

શુચિતા આશ્ચર્યમાં પડી. કેવા પત્નીઘેલા હતા સર! આ પ્રવાસ દરમિયાન આખી નિરુગાથા કહી દેશે આ પુરુષ. કદાચ, પૉકેટમાંથી કાઢીને તેનો ફોટો પણ બતાવશે!

તેને વિવેક ખાતર હોંકારા દેવા પડ્યા; અને દીધા પણ. સમય નિરુપમાને સહારે પસાર થતો હતો.

સરે આગ્રહ કરીને શીતળ જળનો ગ્લાસ આપ્યો. તે જોઈ રહી કે દરેક ઘૂંટે સર સુખ અનુભવતા હતા.

આવું ક્યારેય થયું વિશ્વાસ સાથે – એકેય વિષયમાં? નિરુપમા ખરેખર નસીબવાળી જ હતી. સર શૈયામાં પણ તેને ખુશ ખુશ કરી દેતા હશે?

તેને તેની રાતો યાદ આવી. અગિયાર વાગે શરૂ થતી શયનરાત્રિઓનો એક જ અર્થ રહેતો. વિશ્વાસ સંકેત કરે ને તેણે જાતને ધરી દેવાની, આવતીકાલની ચિંતા કરતાં કરતાં. એમાં પ્રેમનો ધાગો પણ ના મળે.

પછી તેની ઊંઘ હરામ થઈ જાય, પ્રભાતે વાગતાં એલાર્મ સુધી અને પાછો, નવો દિવસ તો ઉગાડવાનો હોય તેને.

દિવસની દિનચર્યા પણ નક્કી જ હતી. શુચિતા અલગ અલગ ટિફિનો ભરતી અને સમય થતાં બન્ને પોતપોતાની દિશાઓની ટ્રેનો પકડી લેતાં.

કોઈવાર પેલો પ્રશ્ન ઝબકી જતો : 'કશું કરતો તો નથીને, તારો બૉસ ?'

## ૪

તે ગબડી પડી, મનોમન. ગાડી સર્રે જતી હતી. દશ્યો બદલાતાં હતાં. એક તરફ દરિયો હતો ને બીજી તરફ મોટી મોટી ઇમારતો.

કોઈ સ્થાને, લોકલ ટ્રેન પણ પસાર થતી દેખાતી હતી. થયું : પરમેશ્વરીને કહી શકી હોત તો કેટલું સારું થાત! તે બિચારી આંખો ફાડીને તેને ખોળ્યા કરશે, રેલવે પ્લૅટફૉર્મની ભીડમાં.

તેણે એક વેળા કહ્યું હતું : 'શુચિ, જાળવી રાખજે તારા પુરુષને. એ જ કામ આવશે ઘડપણમાં. શુચિ, લોકો કહે છે કે એ સમયે જ સાચો પ્રેમ હોય છે પતિ-પત્નીને.'

તેનો વિષાદભર્યો ચહેરો ઘણું બધું કહી આપતો હતો. તે પરિતાપ અનુભવતી હતી, તેના આ અભાવ માટે.

'શું ખોટો હતો ? તેણે પ્રતિકાર કર્યો અને તે ચાલી ગયો, છોડીને. શુચિ, એ હોત તો તે આટલી દુઃખી ના હોત. તે ગુસ્સો કરતો હતો તો ક્યારેક પ્રેમ પણ કરતો હતો.

ના, આ તેની ભૂલ જ હતી.'

જલદ તેજાબ જેવી પરમેશ્વરી આ કહી રહી હતી.

તેને વિશ્વાસ યાદ આવી ગયો. જાળવી લેવો એટલે શું ? એક જ અર્થ હતો એનો – જેવો હતો એવો સ્વીકારી લેવો. તે જે કરી રહી હતી એ શું હતું ?

ત્યાં જ સરે પ્રશ્ન કર્યો : 'વૉટ ઈઝ યોર હૉબી, શુચિતા ? તે ઝબકી ગઈ હતી, ક્યાં હતી તે ?

જોયું તો સર હસી રહ્યા હતા. ગાડી મધ્યમ ગતિથી જઈ રહી હતી. દરિયાઇ પવન  વિશિષ્ટ ગંધ ઠાલવી રહ્યો હતો. ભીડ હતી પણ માફકસરની.

જવાબ તો થોડો ગળી જવાય? તેણે થોડો વિચાર કરીને ઉત્તર વાળ્યો : 'સર, નૃત્યનો શોખ હતો, ગાંડો શોખ    હતો એક સમયે.'

શુચિતા અતીતનાં દશ્યોમાં ઊતરી ગઈ. આઠ વર્ષની, દશ વર્ષની, પંદરની, અઢારની શુચિતાઓ સજીવન થઈ ગઈ. બન્ને હાથો આપોઆપ મુદ્રાઓ ધારણ કરવા લાગ્યા. આંખો યે નર્તન કરવા લાગી.

શું પરિણામ આવ્યું ? તાળીઓના ગડગડાટોમાંથી માંડ છૂટી થઈ ત્યાં જ તેની સામે બે વિકલ્પો ધરવામાં આવ્યા : 'શુચિ, સારું એ તારું. ભાગી જા નાચવાવાળીઓ સાથે, અથવા અમે કહીએ ત્યાં ચૂપચાપ પરણી જા.'

સર ઉત્સાહથી કહી રહ્યા હતા.

'ગુડ હૉબી, શુચિ. નિરુપમાને પણ નૃત્યોનો શોખ. ફ્લૅટનો એક કમરો, નૃત્ય માટે. સુવર્ણા દલાલ આવતી હતી - તેને શીખવવા. શુચિ, આખો દિવસ થા થા થૈ થૈ ચાલે.

અરે, સ્ટેજ પર્ફોર્મન્સ પણ આપેલું . શું કહે છે એને ? યેસ... આરંગટ્રેલ ! અહીંના ભાઈલાલ હૉલમાં. સુવર્ણા દલાલ પણ હતી.

શુચિ... ટાઇમ્સમાં નિરુનો પોઝ પણ આવેલો. સાથે બ્રિફ...ડિટેઈલ્સ !'

અને શુચિ પરણી ગઈ હતી, વિશ્વાસને.

સર હજીય...નિરુપમાના નૃત્ય વિશે કશું કહી રહ્યા હતા.

## ૫

તે હજી વિષાદમાંથી બહાર આવી શકી નહોતી. તાળીઓના ગડગડાટોએ સર્જેલો માહોલ છિન્નભિન્ન થઈ ગયો હતો.

પરમેશ્વરી સુખી નહોતી. તે પણ સુખી નહોતી. એક નિરુપમા જ સુખમાં આળોટતી હતી.

માંડ એક સુખ મળ્યું હતું, સર સાથે આમ બેસવાનું... એ ય પળે પળે ખોવાતું જતું હતું.

ત્યાં સરનું વાક્ય કાને પડ્યું : 'ઓહ, યુ સિમ ટાયર્ડ. ચાલ, નટરાજની કૉફી પીએ.'

ગાડી ધીમી પડી, વળાંક લેતી એક રેસ્ટોરાં પાસે ઊભી રહી. સરે પગથિયા પાસે જ કોટ પહેર્યો. વાળ સરખા  કર્યા અને હસ્યા. શુચિએ જોયા કર્યું એ દશ્ય.

'શુચિતા, આ લોકો સરસ કૉફી બનાવે છે. નિરુપમાને તો પ્રિય. ખાસ કૉફી પીવા જ અહીં સુધી આવતાં.' સરે આમાં પણ પત્નીને સાંકળી હતી.

શુચિતાએ હસીને હોંકારો ભણ્યો. અહીં તેને એક સરસ કૉમેન્ટ યાદ આવી ગઈ, પતિપત્નીની. પણ ના કહી. સર સાથે આવી વાત ના કરાય. તેણે લોકલ ટ્રેનના લેડીઝ કમ્પાર્ટમેન્ટમાં સાંભળી હતી. ખૂબ જ હસવું આવ્યું હતું.

સાચે જ કૉફી સરસ હતી, અફલાતૂન સ્વાદ હતો. ના, તેણે ક્યારેય આવી કૉફી આસ્વાદી જ નહોતી. નિરુપમાનો ટેસ્ટ, ખરેખર ઊંચો. અને સરનો ટેસ્ટ પણ ઊંચો જ ગણાય. તેમણે આખા ટોળામાંથી નિરુપમા જ શોધી કાઢી. કે નિરુપમાએ જ સર પર કળશ ઢોળ્યો હશે?

'શુચિતા.. તું છે ને એટલે જામ્યું. નહીં તો મને કેટલો કંટાળો આવત? થર્મોસમાં કૉફી લઈ લેવી છે? હજી વીસ મિનિટનો રસ્તો બાકી છે. નિરુપમા આમ જ કરતી. ધીમે ધીમે ઘૂંટ પીતી રહે, વાતો કરતી રહે.

તે સવારે જ પહોંચી ગઈ છે. મહાલતી હશે લગ્ન.'

સરે નિરુ-પુરાણ ચાલુ જ રાખ્યું હતું.

જોકે તેને ગમ્યું. સંસારની એક સ્રીની સુખકથા હતી. એની છાલક તેને પણ મળી હતી, તેય ભીંજાઈ હતી.  યાદગાર અનુભવ હતો. કેટલી વહેલી પહોંચવાની હતી પાર્લામાં ? હજી પરમેશ્વરી તો પ્લૅટફૉર્મ પર પહોંચી હશે. શોધતી હશે તેને.

તેને પણ ખાસ્સો સમય મળી જશે. શૉપિંગ કરવાનો, મહાલક્ષ્મી મંદિરે દર્શન કરવાનો.

અરે, નિરાંતવી સ્નાન કરશે તે. ઘણા સમયે તે આમ કરવાની હતી. સુખની અંતિમ છોળ ઝીલવાની હતી.

સરે શું કર્યું અચાનક? બ્રિફમાંથી સેન્ટ-સ્પ્રે કાઢ્યા. અહોભાવપૂર્વક શુચિને બતાવ્યો.

'અસલી ચીજ છે કનોજવાળાની. નિરુ લઈ આવી હતી. પ્રવાસે ગઈ હતી ને, ત્યારે. જોઈ લે આ સુગંધ. ક્યાંય નહીં મળે, શુચિ... કહેતાં કહેતાં સરે પોતાનાં વસ્રોને સ્પ્રેથી ભીંજવ્યાં અને શુચિનેય ભીંજવી.

સ્તબ્ધ થઈ ગઈ શુચિ. સાવ અણધારી જ ઘટના. શુચિએ તો ક્યાંથી કલ્પી હોય? અરે, એ પુરુષની કલ્પનામાં પણ નહીં જ હોય. એ પળનો જ જાદુ. શુચિ નીતરી રહી સુગંધથી. લજ્જા તો અનુભવી પણ સાથે પાર વિનાની પ્રસન્નતા. આવું ક્યારેય નહોતું બન્યું તેની જિંદગીમાં. કદાચ, બનવાનું પણ નહોતું. તે લજ્જાતી રહી, હાથ આડા ધરતી રહી પણ એ પુરુષે હસતાં હસતાં સ્પ્રે શરૂ કર્યો.

સાથે સાથે નિરુનું પ્રશસ્તિગાન, સુગંધનું આવડી એવી ભાષામાં મહિમા-ગાન.

સાવ કોરી શુચિ ભીતર લગી ભીંજાઈ ગઈ હતી.

સુખની ચરમ-સીમા હતી, ટોચ હતી.

તે ધન્ય બની હતી.

સર કહેતા હતા : શુચિ...સારું થયું, તું હતી સાથે. હું આ બધી વાતો નિરુપમાને કહીશ. કેમ છે સુગંધ? પસંદ પડી ને?'

૬

બાય, કર્યું તેણે, સરે. તે ગદ્‌ગદ બની ગઈ હતી. પાછા બીજે દિવસે સર મળવાના હતા, એ જ કેબિનમાં. ફાઇલો તપાસવાની હતી ને? પણ આ સર થોડા મળવાના હતા?

રોજ રોજ કાંઈ આવી અનુભૂતિઓ થાય? સર પરપુરુષ હતા પણ પરિચિત હતા. તે રોજ અનેક વ્યક્તિઓ સાથે અથડાતી હતી. પુરુષો અને સ્રીઓ. પરસેવાની અદલાબદલી થતી હતી, એ સ્પર્શોથી.

સર ક્યાં એકેય વાર સ્પર્શ્યા હતા તેને, સાવ નજીક હોવા છતાં પણ. અને તો પણ કેવી અનુભૂતિ હતી? જાણે વળગી પડી ના હોય સરને?

કેવું કહ્યું તેમણે – તે આ વાત નિરુપમાને કહેશે !

વિશ્વાસ આ વાત જાણે તો? – તે જરા થરથરી ઊઠી, આ વિચારથી.

અરે, એ પુરુષ તો આ સુગંધ માત્રથી જ સળગી ઊઠે... પ્રશ્નો પૂછે :

‘કોણ હતો એ? તારો બૉસ? તેણે તારી આ દશા કરી? શો અધિકાર તેનો? શું તું તેની બૈરી હતી? તે કેમ ના ન પાડી? તારી પણ ઇચ્છા હશે જ. ઓળખું છું ને તને પગથી મથા સુધી. જૉબ!... શું આ માટે...?

તું તો...સાવ હલકટ છે હલકટ !’

તે કંપી, ભીતર ને બહાર. હજીયે લથબથ હતી સુગંધથી.

તેણે તરત નિર્ણય લઈ લીધો. તે તરત ઘરે જશે.

ઘસીઘસીને સ્નાન કરશે. સુગંધનો આખો વંશ નિર્મૂળ કરવાનો હોય એ રીતે. એ રીતે વસ્રોય ધોશે.

રોજ પ્રસ્વેદ ધોવા સ્નાન કરતી હતી, આજે સુગંધ ધોવા.

શબ્દસૃષ્ટિ, સપ્ટેમ્બર, ૨૦૧૩

વાર્તા - ૨

# જનેરિક

## મધુ રાય

કિમી સાથે લગ્ન કર્યાં ત્યારે જ તેના દોસ્તોએ કહેલું કે અલ્યા, ગ્રીન કાર્ડ માટે તને બકરો બનાવે છે. નિરંજન કિમી કરતાં પંદર વર્ષ મોટો હતો. કિમી એની સ્ટુડન્ટ હતી, પહેલી બેન્ચમાં બેસીને તેની સામે આંખો પટપટાવતી, ધ્યાનથી, મંત્રમુગ્ધ થઈને તેને સાંભળતી હતી, નોટ્સ લેતી હતી, ક્લાસ પછી પ્રશ્ન પૂછવા રોકાત હતી, કોઈ પણ જનેરિક પોર્ન-સ્ટોરીની જેમ જ કિમીએ તેને સિડ્યુસ કર્યો હતો, યસ, યસ, યસ! ('સાલા, લગ્ન કરીશ તો બીજા દિવસે છોકરીનાં માબાપ ને ચાર ભાઈઓ ને બહેનબનેવી ને કઝિનો તારા ઘરે રહેવા આવી જશે. સ્ટુપિડ! તને કેથલિક બનવા ફોર્સ કરશે.') નિરંજનને તે બધી જાણ હતી અને તે માટે તેના દોસ્તોની રાયની તેને જરૂર નહોતી. લિસન, નિરંજન જાતે બુદ્ધિશાળી હતો, અને કોઈ તેને ફસાવે ત્યારે તેને ખબર ન પડે તેવું ન હતું. પણ કિમીને જોઈને તેને અંદરથી ઉત્પાત થતો હતો કે આ બદન ભોગવવા મળે તો બસ, અપના લાઇફ બન ગયા. કિમીની એશિયન, ચાઈનીઝ આંખોથી તેના બદનમાં એક પોઝિટિવ સંચાર થતો, કોઈ વાર તે બોલતી ત્યારે એના મોંમાંથી આવતી 'અખાદ્ય' ખોરાકની આછી સોડમ નિરંજનને પાગલ કરતી. કોઈ પ્રિમિટિવ, એનિમલ ખેંચાણથી નિરંજન કિમીની 'બોડી સ્પેસ'ને ઇનવેઇડ કરવા એના સ્નાયુઓ અધીર થતા. એના કેટલાક બદમાશ દોસ્તો પણ હતા અને તે લોકોના મતે ભલેને એક વરસ કે એક મહિનોય 'આવો માલ' સાથે રહે તો પૈસા વસૂલ, યાર! છોને ગ્રીન કાર્ડ મલે એટલે એનો ઓરિજિનલ બોયફ્રેન્ડ જે હોય તેની સાથે જોઈન્ટ થઈ જાય, ડિવોર્સ આલી દેવાનો યાર, શી હાય હાય! ફાઈન, કિમી પાસે ગ્રીન કાર્ડ નથી, કિમી અમેરિકામાં રહેવા માગે છે. નિરંજન વિધુર છે. સિટિઝન છે. પૈસેટકે સુખી છે. લોસ એન્જલસના હાઈરાઈઝ લક્ઝરી બિલ્ડિંગમાં તેનો ફેશનેબલ કોન્ડોમિનિયમ છે. ને કિમી માટે એનો માંહ્યલો ધગધગે છે, તો વ્હાય ધ હેક્ક નોટ!

અને બંનેએ લગ્ન કરી લીધાં. તેના પેલા કેટલાક જક્કી દોસ્તો અને એમની એવી જ જક્કી પત્નીઓએ લગ્નમાં આવવાની પણ ના પાડેલી, બિકોઝ ઇટ ઇઝ એ ફ્રોડ! છોકરી સાથે મળીને નિરંજન અમેરિકાની સરકારને  ઉલ્લુ બનાવવાની કોન્સ્પિરસી કરે છે. વ્હાય શુડ વી ગેટ ઇન્વોલ્વ્ડ? પણ નિરંજનના પેલા બદમાશ દોસ્તો અને એમની બદમાશ પત્નીઓ વેડિંગમાં ઉત્સાહથી આવેલાં. દોસ્તોએ છૂટથી કિમીને ડિલિશિયસ ડિશ કહીને વખાણેલી. કિમીએ અત્યંત ગુણીયલ પત્નીના અભિનયથી સોગંદવિધિ કરેલો. પાદરીએ ચુંબન કરવા કહ્યું ત્યારે બંનેએ આવેશથી ચુંબન કરેલું અને મધુરજની માટે બંને નાયગ્રા ફોલ્સની એક રિમોટ હોટેલમાં ભાગી ગયેલાં.

પાછા આવીને વરઘોડિયાંએ નિરંજનના કોન્ડોમિનિયમમાં સંસાર માંડેલો. જનેરિક વાઇફની જેમ કિમીએ કોન્ડોને પોતાની મરજીથી રિનોવેટ કરાવેલો. એકએક ક્ષણ સોનાની લગડીની જેમ નિરંજને માણેલી. અરે હા બાબા, નિરંજનને સ્પષ્ટ જાણ  હતી કે આ બધું ત્રણ વર્ષમાં છૂ થઈ જવાનું છે. બટ યુ ઓન્લી લિવ વન્સ! સો લિવ, ડેમિટ, ગેટ ઓલ ધેટ યુ કેન પુટ યુર હેન્ડ્ઝ ઓન! ઓલ ધ ફન યુ કેન ગેટ, મેન! કિમી સહેજ પણ અણસાર આપતી નહોતી કે તેની ગણતરી શી છે. હૂ કેઅર્સ! મને ખબર છે એની ગણતરી શી છે. આઇ વોઝ નોટ બોર્ન

યસ્ટરડે! તેના જક્કી દોસ્તોએ ડિમાન્ડ કરેલી કે લગ્ન પહેલાં ‘પ્રિનપ્ચુઅલ એગ્રીમેન્ટ’ સહી કરાવી લેજે યુ ફૂલ, નહીંતર ડિવોર્સ વખતે તારો કોન્ડો ફોન્ડો તો લઈ લેશે, અને તારો બેન્ક એકાઉન્ટ આખો ભરખી જશે, સ્ટુપિડ. ઓકે, એ પણ થયેલું, કિમીએ કોઈ તકરાર વિના એગ્રીમેન્ટમાં સાઈન કરી આપેલી, કોઈ કારણે મેરેજ ‘વર્ક ન કરે’ તો બંને પોતપોતાનાં બેન્ક એકાઉન્ટ સંભાળી છૂટા થશે. કોઈની મિલકત ઉપર સામાનો કોઈ હક નહીં નીકળે. જક્કી દોસ્તોએ એમ પણ લખાવી લેવાનું કહેલું. (સાલા, યુ ડોન્ટ નોવ ધિસ વિમેન! ચાઇનાટાઉનથી પોતાના બોયફ્રેન્ડને બોલાવીને તારું મરડર કરાવે તો?) કે તું વહેલો મરી જાય તોય તારી મિલકત તારાં ભાઈબહેનોને જાય, આ છોકરીને નહીં. તેઓ ફિટકારથી કિમીનો ઉલ્લેખ ‘છોકરી’ કે તેનાથીય હલકા, ‘બિચ્ચ’, ‘ગોલ્ડડિગર’, કે સ્ત્રીના ઉપાંગના નામથી કરતા. ઇટ વોઝ ઓકે. તે લોકો નિરંજનનું હિત જોતા હતા. એમાં થોડાક એગ્રેસિવ થઈ જતા હતા. નો બિગ ડીલ, એટલે તે ફ્રન્ટ ઉપર બધું ઓકે હતું. અને નવદંપતી જનરિક ન્યૂલીવેડ્ઝના ઝનૂનથી તે તે બધું કરતાં હતાં જે જે બધું એમનો સંસાર હન્કી ડોરી છે તેની ખાતરી આપે. સો! ત્રણ વર્ષની મેન્ડેટરી મુદત પૂરી થઈ અને કિમીને ગ્રીન કાર્ડ મળી ગયું. હવે એક-એક દિવસ નિરંજન માટે સાચી મધુરજનીનો દિવસ હતો. જેટલા દિવસ મળે તે બોનસ. કિમી જુવાન છે, અને યુ નોવ, એક દિવસ એ વહેલો ઘરે આવશે ત્યારે કિમીને તેના ગાર્ડનર સાથે કે પિઝા ડિલિવરી બોય સાથે કેલી કરતી જોશે, રાબેતા મુજબ કિમી તેને પ્રોટેસ્ટ કરતાં કહેશે, ‘આઈ કેન એક્સપ્લેન!’ અને રાબેતા મુજબ નિરંજન પોતાનાં થોડાં કપડાંની બેગ લઈને મોટેલમાં રહેવા જશે; વકીલની નોટિસ મોકલશે. થોડી રકઝક પછી બંને છૂટાં થશે. કિમી તેના સપોઝેડ ઓરિજિનલ બોયફ્રેન્ડ સાથે ફરી પરણી જશે. નિરંજન જાણે ચાઈનાની કે પેન્ટગોનિયાનાં રેઇન ફોરેસ્ટની એવી કોઈ એક્ઝોટિક ટ્રિપ ઉપરથી પાછો આવ્યો હોય એમ આખો એપિસોડ ભૂલી, ફરી પોતાના કામે વળગશે : જાણે કશું બન્યું જ નહોતું. પણ જે બનેલું તેની ‘કસક’ યસ, ટીસ એને બાકીનાં વર્ષોમાં પ્રમોદ આપશે. હ્યુમન નેચર, યુ સી. અથવા, કિમી રોજની જેમ એક સવારે બ્રેકફાસ્ટના ટેબલ ઉપર કહેશે કે શી વૉન્ટ્સ આઉટ! અને બંને જુદાં સૂવાનું શરૂ કરશે, કોઈ ધાંધલ વિના વકીલ-ફકીલ પોતાની ઇનિંગ્ઝો રમશે ને ફરી આખરે બંને સિંગલ તરીકે પોતપોતાનાં જીવનમાં ગરકાવ થવા પોતાના રસ્તે પડશે. નિરંજન બેવકૂફ નથી, ઓકે? હી ઇઝ રેડી. હી ઇઝ પ્રિપેર્ડ! હી ઇઝ સ્માર્ટ! હી ઇઝ ઓકે વિથ ઇટ! બદમાશ દોસ્તો કહેતા, યુ ગોટ ઇટ મેઇડ, સાલા એન્જોય હર, એન્જોય લાઇફ. બેડમાં બરાબર છેને? બસ! ને યસ, બેડમાં કિમી મોર ધેન બરાબર હતી. અને કમાલની વાત એ હતી કે જાણે આ મેરેજ કદી તૂટવાનું ન હોય એવી નિરાંતથી, એના કશા સિનિસ્ટર પ્લાન્સ ન હોય એવી સાલસતાથી નિરંજનને કોટી કરતી, કિસી કરતી ને ટાઇમ ટુ ટાઇમ મોર ધેન બરાબર-તી. ડેયલી મોર ધેન વન ટાઇમ, મોર ધેન બરાબર, સો હેક્ક વિથ ઓલ અધર બુલ! યુ હિયર મી? ઘણી વાર નિરંજનને થતું, કદાચ શી ઇઝ સિન્સિયર! કદાચ કિમી નિરંજનની રેડિયેટિંગ ટેલેન્ટથી પ્રભાવિત છે; ને નિરંજન ‘લેસ ધેન બરાબર’ હોય તો તેનીય કિમીને પડી નથી, કેમ કે તે ઘણી વાર કહેતી કે આઇ એડોર યુ! માઇન્ડ યુ, લવ યુ નહીં, એડોર યુ! તને ચાહું છું નહીં, તારી ઉપાસના કરું છું! લવ કરતાં મેય બી લેસ સેક્સી, પણ ઇનેવે વન ડિગ્રી સ્વીટર, નો? વિમેન લોકોને સેક્સની એટલી ઇચ્ચ નથી જેટલી માયાની, મોહબ્બતની, દુલારની ઇચ્ચ હોય છે. ધે કેન ગેટ ઓવર એનિથિંગ, ઇફ યુ ટ્રીટ ધેમ રાઈટ! (‘સાલાને બુઢાપામાં ઇચ્ચ ઊપડી છે, મરવાનો છે, ગેરન્ટીડ!’)

અને કિમીએ ઇન્ડિયન વાઇફનો રોલ ભલે નહોતો અંગીકાર કર્યો, કોઈ વાર સાડી બાડી પહેરે, કૂકબુક કન્સલ્ટ કરીને ઉપમા કે ટીનનું ઊંધિયું બનાવે, ફાઈન. પણ જલારામ બાપાની કંઠી પહેરે કે શંકર ભગવાનના ફોટા સામે ભજન કરે એવું કાંઈ નહીં. મીન્સ કે કિમી વોઝ કિમી, કમલાફમલા નહોતી બની ગઈ, યુ ગેટ ધ પિક્ચર, નો?

અને ચોથું વર્ષ પૂરું થયું ત્યારે તેના જક્કી દોસ્તો ને એમની બટકબોલી પત્નીઓ નરમ પડેલાં. કોઈ ઉત્પાત વિના રેગ્યુલર વાઇફની જેમ કિમી ઘર ચલાવતી હતી, રોઝેલા નામની ફુલટાઇમ હાઉસકીપર ઘર ચલાવતી હતી અને કૂકિંગ પણ કરતી હતી; સવારે હસબન્ડ-વાઇફ પોતપોતાની જોબે જતાં. નિરંજન યુનિવર્સિટીમાં ટેન્યર્ડ પ્રોફેસર હતો; કિમીને એડવર્ટાઈઝિંગ એજેન્સીમાં ગ્રાફિક ડિઝાઇનરનું કામ મળેલું. કોઈ વાર બપોરે લંચમાં બંને મળતાં. સાંજે ઘરે ડિનર. કોઈ વાર ઈટિંગ આઉટ! ખાસ ઉડાઉ ખર્ચા નહોતા. કિમીનાં સગાંવહાલાં કોઈ વાર ફોન કરતાં. કિમીની બેત્રણ બહેનપણીઓ હતી. આવે, શોપિંગમાં જાય, મેય બી સિનેમા કે બેલએ. કોઈ વાર નિરંજન ને કિમી થિયેટર કે કોન્સર્ટમાં જાય. બંનેના મ્યુઝિકના શોખ જુદા હતા, પણ તેનો કોઈ ઇશ્યુ નહોતો. કોઈ રિયલ કનડગત નહોતી. બધું એવું સ્ટોરીબુકની જેમ સરિયામ હતું. પણ નિરંજન જાણતો હતો કે યહ સબ ઝૂઠ હૈ! ('ઓકે, તો સાલા તમે લોક બેબી કેમ બનાવતા નથી હવે, હેંય?')

*

પહેલી નજરથી જ કિમી ચેન્ગના ઘૂંટણ ડગમગી ગયેલા, નિરંજનને જોઈને. પોતાના કરતાં પ્રોફેસર નિરંજન લાડ પંદર વર્ષ મોટા હતા. ઈંગ્લિશ લિટરેચર ભણાવતા હતા, સ્વિનબર્ન કે જોન ડન્ન, કે વોલ્ટ વ્હિટમનની કવિતા વિશે વાત કરતા ત્યારે કિમી મેજિક કાર્પેટ ઉપર આળોટવા લાગતી. કિમી પોતાની ઉંમરના છોકરાઓના વિચાર કરતી ત્યારે ઊબકા આવતા. ડેઇટ ઉપર જાય તો ગાડીમાં બેસતાંવેંત છોકરાઓ તેની છાતી ઉપર આક્રમણ કરતા, શિટ! અને તેનું મોઢું એંઠું કરતા, યે ગોડ! પ્રોફેસર દસ ફૂટ દૂરથીય તેનો શ્વાસ ઊંચો કરી શકતા, તેની તરફ નજર કર્યા વિના પણ તેને ભીની કરી દેતા. કિમીના કાનમાંથી જાણે લોહીના ફુવારા ઊડે એવી ઉત્તપ્તતા કિમી અનુભવતી. કોઈ પણ બહાને, નિમિત્તે ક્લાસના અંતે કિમીને પ્રોફેસર પાસે જવાનું, એની પાસે ઊભવાનું, એને કશોક પ્રશ્ન પૂછવાનું, અને બસ પ્રોફેસરના તેજવર્તુળમાં નાહવાનું ખેંચાણ થતું. અનાયાસે જાણે એના હાથ લંબાતા, કોટને અડકવા, જાણે તેના બદનની ગરમીને ચૂસવા, જાણે પ્રોફેસરનો એક 'પાર્ટ' બનવા. ક્લાસનાં છોકરાછોકરીઓ તેની હાંસી કરતાં. કિમીના લૉકરમાં છોકરાઓ યૂઝ્ડ કોન્ડોમ સરકાવી ચીઢવતા. છોકરીઓ કિમીને 'ધેટ બ્રાઉન નોઝર' કહેતી.

આપોઆપ પ્રોફેસર સાથે એક પ્રકારની મૈત્રી થઈ. પહેલી વાર ડેઇટ ઉપર ગયાં ત્યારે કુદરત શાબાશી આપતી હોય એવી અદ્‌ભુત લાગણી થયેલી કિમીને. યસ, યસ, તેને શારીરિક ઉત્તેજના તો હતી જ પણ પ્રોફેસરની હાજરી કિમીને સુરક્ષાકવચ જેવી લાગતી. પ્રોફેસર તેનો હાથ પકડે ત્યારે હાથનું હોવું સાર્થક થતું લાગતું. ક્રમે ક્રમે પ્રોફેસરે એમના દોસ્તો સાથે ઓળખાણ કરાવેલી. એ લોક ગુજરાતીમાં વાતો કરતા પણ તેમના હાવભાવ અને સ્વર ઉપરથી એમનો ફિટકાર કિમી પામી જતી. વચ્ચે વચ્ચે ગ્રીન કાર્ડ શબ્દ બોલાતો અને કિમી સમજી જતી કે આ લોકો કિમીને લુચ્ચી ગણે છે. ગ્રીન કાર્ડ માટે પ્રોફેસરને ફસાવે છે ને ત્રણ વર્ષની કાયદેસરની મુદ્દત પછી કિમીને ગ્રીન કાર્ડ મળી જાય ત્યાં સુધી એ ઘરડા પ્રોફેસરને બગલાવી લેશે, ને પછી બાયબાય, ને સો લોન્ગ ને સી યુ લેટર! કિમીને એ વસ્તુ છૂરા જેવી લાગેલી પણ પણ પોતે કશું સમજી નથી એવા દેખાવથી ચૂપ રહેલી. પ્રોફેસરને પોતે પસંદ છે, એન્ડ ઓફ સ્ટોરી. અને લગ્ન થયાં. પ્રોફેસરે સામેથી ચર્ચમાં લગ્ન કરવાનું સૂચન કરેલું. કિમીએ સામેથી 'પ્રિનપ્ચુઅલ એગ્રીમેન્ટ' સાઇન કરવા ઇચ્છા બતાવેલી. તોય પેલા દોસ્તો વિડિંગમાં નહીં આવેલા. જે દોસ્તો આવેલા તેઓ છૂટથી કિમી સાથે ફ્લર્ટ કરતા જાણે કિમી સહિયારી 'ડિશ' હોય. એમની વાતો પણ ગુજરાતીમાં થતી અને એનો મરમ પણ કિમી પામી જતી. કાચી કાકડી જેવી કિમીને જેટલા દિવસ મળે એટલા દિવસ નિરંજને ભોગવી લેવી અને છૂટા થવાનું હોય ત્યારે શાંતિથી જવા દેવી. કિમી

સલૂકાઈથી એમને દૂર રાખતી. પ્રોફેસર તેને કહેતાય, આઇ લવ યુ. કિમી જવાબ દેતી, આઇ એડોર યુ.

કિમીની મોટી બહેન શાંઘાઈમાં હતી. પેરેન્ટ્સ ચીનના કોઈ ગામડામાં. કિમીને એની મેરિડ બહેન કહેતી કે તને ગમે છે તો જરૂર લગ્ન કર અને વરને સુખી કર. ઉંમર કે ગ્રીન કાર્ડ ઇઝ નોટ ઇમ્પોર્ટન્ટ. લગ્ન બાદ તરત નાયગ્રાના રિઝોર્ટમાં પહેલી રાત ગાળ્યા પછી કિમીએ જાતને કહેલું કે બસ, હવે નાયગ્રામાં કૂદીને મરી જવું પડે તોય કોઈ રંજ નથી. હવેનો એકેએક દિવસ બોનસમાં મળે છે. પ્રોફેસર ને હું, હું ને પ્રોફેસર જિંદગીની શરૂઆત, મધ્ય ને અંત. બીજા કોઈની, કશાયની જરૂર નથી. કોઈ વાતે ડિસએગ્રીમેન્ટ નથી. કિમીને બીજી ખાસ ગર્લ ફ્રેન્ડ્ઝ નહોતી. લગ્ન પછી સરળતાથી કિમીએ પ્રોફેસરનો સંસાર સંભાળી લીધો હતો. હાઉસકીપરને છૂટી કરવા કહ્યું. તો પ્રોફેસરે કહ્યું કે તારામાં ટેલેન્ટ છે તો તું જોબ લઈ લે; હાઉસકીપરમાં હાઉસકીપિંગની ટેલેન્ટ છે તો તેને તે કરવા દે. રોજ સવારે કિમી સૂરજને થેન્ક્યુ કહેતી. મારી અને પ્રોફેસરની વચ્ચે જે સ્ટ્રિંગ છે, કિમી વારંવાર જાતને કહેતી, તે સ્ટીંગ પોતે એક લાઇવ ઓર્ગેનિઝમ છે. શ્યોર અમારી વચ્ચે એક સેક્સુયલ કેમિસ્ટ્રી છે, પણ તેથી વિશેષ કોઈ કોઝમિક કેમિસ્ટ્રી અમને બંનેને એક આદિમ તારથી બાંધી રાખે છે. જાતીય સંતોષ ખાતર સાથે જોડાયેલા હોવાની જરૂર નથી. પ્રોફેસર મારો છે તે એહસાસ મને પૂર્ણ કરે છે.

ઊંઘમાં કિમીના હાથ આપોઆપ લંબાય છે અને લોહચુંબકની જેમ એના હાથમાં ગોઠવાઈ જાય છે. બીજા છોકરાઓ મને અડકે ને સૂગ ચડે છે : પ્રોફેસરનાં નસકોરાં મને ઉત્તેજિત કરે છે. પ્રોફેસર ને હું, હું ને પ્રોફેસર, છૂટાં હોઈએ તોપણ સાથે છીએ. કિમી હસી પડે છે. સો વાતની એક વાત એ છે કિમી રોજ ‘મરી જવાના’ વિચાર કરે છે; આટલા સુખ પછી જો જરા પણ ઓછું સુખ આવે તો તે જીરવાશે નહીં. પણ મરવા જતાં પહેલાં હજી એક દિવસ ભોગવી લેવા દેને, સિલી! ઓકે, ઓકે, કિમી સિલી છે. એક વાક્યમાં કહેવું હોય તો પ્રોફેસર પાસે કિમી પાવરલેસ છે. ધેટ્સ ઇટ. એન્ડ આઇ હોપ, પ્રોફેસર કાયમ તે પાવર ભોગવશે ને મને જીવતી રાખશે.

*

બ્રેકફાસ્ટ ટેબલ ઉપર રોઝેલાએ બ્રેકફાસ્ટની તૈયારી કરી રાખી છે. નિરંજન આવી ગોઠવાય છે. કિમી આવી હંમેશની માફક નિરંજનના ખભે નાક ઘસે છે. ઝીણી ઝીણી બચી ભરતાં તેના કાન કરડે છે. નિરંજનની આંખોના ડોળા ચાટે છે, તેને પાસે ખેંચીને નિરંજન તેના ગોળાકારો ઉપર વાસનાભર્યો હાથ ફેરવે છે. ગૉડ, લાઇફ ઇઝ સ્વીટ.

– મારે એક વાત કહેવી છે.

કોણ બોલ્યું? કિમી? નિરંજન? રોઝેલા રોજનું શોપિંગ કરવા જાય તે નિરંજન કહે છે, મારે એક વાત કહેવી છે.

નિરંજને કિમી સામે તાકતાં કહ્યું : મારો એક દોસ્ત છે, યુ નોવ હિમ. વિપુલ. વિપુલ કહે છે કે ગ્રીન કાર્ડ માટે ઇન્ડિયન લોકો પંદર પંદર લાખ રૂપિયા આપવા તૈયાર છે.

કિમી નિરંજનને તાકી રહે છે. જરી વાર કોઈ કશું બોલતું નથી. પછી નિરંજન કહે છે : એક વિધવા લેડી છે, એને બે બાળકો છે. કહે છે કે હું જો તેની સાથે પેપર મેરેજ કરવા તૈયાર થાઉં તો મને પિસ્તાલીસ લાખ રૂપિયા મળે.

કિમી કશું બોલ્યા વિના તાકી રહે છે. 'વ્હોટ ઇફ...વ્હોટ ઇફ... આપણે પેપર ડિવોર્સ લઈએ...

જસ્ટ પેપર ડિવોર્સ. એક વર્ષ પછી એ વિડો સાથે હું પેપર મેરેજ કરું. અને ત્રણ વર્ષે એ લોકોને ગ્રીન કાર્ડ મળે એટલે એને પેપર ડિવોર્સ આપી આપણે ફરી લગ્ન કરીએ! વી યુઝ ન, ધ મની ફોર એ વર્લ્ડ ટૂર...' નિરંજન બોલે છે. તે પછીની યોજના સમજાવે છે. કિમી કંઈ બોલ્યા વિના સ્મિત કરે છે. નિરંજન તેની પાસે જાય છે : યુ લાઇક ધ આઇડિયા?

કિમી ખુશીથી ઊભી થાય છે : તમે જે કહો તે, મને કોઈ વાંધો નથી.

– ધેટ્સ માય ગર્લ. ગિવ મી એ હગ! નિરંજન એને ભેટે છે.

– મારે તેને એક સરપ્રાઇઝ આપવો છે, કિમી આંખો નચાવી નિરંજનને કહે છે.

– શ્યોર!

– પહેલાં આંખો બંધ કરો! કિમી હુકમ કરે છે.

– કરી.

– હેય! નો ચીટિંગ. ક્લોઝ યોર આઇઝ! ક્લોઝ યોર આઇઝ!

– યસ, નિરંજન આંખ બંધ કરવાના દેખાવ સાથે બંધ કરે છે. કિમી ઊભી થાય છે. તેનાથી દૂર દૂર જતી જાય છે.

– યસ હેય! કીપ યોર આઇઝ ક્લોઝ્ડ!

– યસ, ક્લોઝ્ડ.

કિમી દૂર દૂર જતી જાય છે. લક્ઝરી કોન્ડોના કિચનમાંથી મોટા હોલ તરફ કિમીની કાયા લસરતી લસરતી દૂર દૂર જતી જુએ છે, પ્રોફેસર નિરંજન બાડી આંખે.

– હું કહું નહીં ત્યાં સુધી આંખો ખોલવાની નહીં! સ્ટોપ ઇટ! નો પીઈકિંગ! ક્લોઝ ક્લોઝ ક્લોઝ યોર આઇઝ!

– નો પીઈકિંગ. માય આઇઝ આર ક્લોઝ્ડ. સહેજ ખુલ્લી પાંપણોની કિનારની આરપાર સફેદ ગાઉનમાં વીંટળાયેલું કિમીનું ગદરાયેલું બદન દૂર દૂર જતું જાય છે.

– નોટ યેટ, નોટ યટ. કીપ યોર આઈઝ ક્લોઝ્ડ...કિમી ગૅલેરીમાં જાય છે.

અને અચાનક કિમી અલોપ! ત્રાડ પાડીને નિરંજન ગૅલેરીમાં દોડે છે. સિનેમા જોતો હોય તેમ નીચે જુએ છે : બાવીસમા ફ્લોર ઉપરથી કિમીનો ગાઉન હવામાં પાંખોની જેમ ફેલાયેલો છે, ચકરાવા લે છે, વાળ ઊડે છે, કિમીના હાથ હોરિઝોન્ટલ બેઅલે નૃત્ય કરતા હોય એમ હવામાં નયનરમ્ય આકૃતિઓ દોરે છે.

*સાહચર્ય વાર્ષિકી, ૨૦૧૩*



# સાંપ્રત

## ન્યાયતંત્રના અંગ્રેજીકરણને હટાવો

**અંબાલાલ ઉપાધ્યાય**

સ્વાતંત્ર્યનાં છાસઠ વર્ષ પછીય દેશનું ન્યાયતંત્ર ગુલામી કાળનું ચીલાચાલુ રહેલું છે. અંગ્રેજીની ગુલામીના પ્રતીક જેવું હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટનું અંગ્રેજીકરણ અડીખમ રહેલું છે. કાયદાની કલમો અને ન્યાયતંત્રનું સંચાલન અંગ્રેજીરાજ વકતનું 'જૈસે થે' રહેલ છે.

આમ આદમી જ્યારે વાદી કે પ્રતિવાદી બનીને ન્યાયતંત્ર પાસે જાય છે ત્યારે તેણે માત્ર મૂક પ્રેક્ષક બની મૌનવ્રત ધારણ કરી બહેરા કાને બેસવું પડે છે. કોઈપણ કેસમાં આમ આદમીને ન્યાયતંત્રના કઠેરામાં ખડા રહેવું પડે છે ત્યારે કોર્ટ તરફથી સામે ચાલીને પુછાય છે તમારો વકીલ કોણ છે ? આમ આદમી સ્વમુખે કોર્ટ સમક્ષ વાતચીત કે સંવાદ કરી શકતો નથી. કારણ કે સંચાલન જ અંગ્રેજીમાં થતું હોઈ વકીલની આવશ્યકતા અનિવાર્ય બની રહેલ છે.

નીચલી કોર્ટથી સુપ્રીમ કોર્ટ સુધી વકીલોએ પુરાણી રસમે લાંબા કાળા કોટ પહેરીને ફરજિયાત જવું પડે છે. કોર્ટ અને બે બાજુના વકીલો મળી રચાતા ત્રિકોણમાં જ કોર્ટની કાર્યવાહી નિયંત્રિત રહે છે. વાદી કે પ્રતિવાદીને તો તે વખતે જાણ પણ નથી કે કઈ દિશામાં વહાણ હંકારાઈ રહેલું છે. કેસનું સંચાલન ત્રિકોણના અભિગમે કેસનો નિકાલ નહીં પણ તારીખનો નિકાલ ઝટપટ થાય છે જેના કારણે કેસોનો ખડકલો થતો રહે છે.

પાયાનો પ્રશ્ન તો એ છે કે સંબંધકર્તા સમજી શકે તે ભાષામાં કોર્ટનું સંચાલન થતું જ નથી. અંગ્રેજી ભાષાએ ન્યાયતંત્રના સંચાલનમાં જડબેસલાક દબદબો જમાવ્યો છે, જેના કારણે ન્યાયતંત્ર પાસે આવનારા આમ આદમીનું ભારોભાર અસહ્ય શોષણ થાય છે. મોટાભાગે લોકો અંગ્રેજી ભાષાના જાણકાર નથી. ગ્રેજ્યુએટ થયેલ પાસે જઈ કોર્ટનું જર્જમેન્ટ વંચાવીશું, ટેક્નિકલ થિયરીનો કાગળ વંચાવીશું, ડૉક્ટરીમાં લખેલ કાગળ વંચાવીશું કે કૃષિ ક્ષેત્રનો પત્ર વંચાવીશું તો તે કહેશે કે જે તે ક્ષેત્રના શબ્દોનું ગુજરાતી કરાવવા જે તે ક્ષેત્રના તજ્જ્ઞ પાસે જવું પડે.

૧૯૭૨ની સાલમાં હું વિધાનસભામાં ચૂંટાયો ત્યારે વિધાનસભામાં હાઈકોર્ટનું સંચાલન ગુજરાતી ભાષામાં ક્યારે થશે તે તારાંકિત પ્રશ્ન ચર્ચામાં થતાં સરકારે 'બનતી ત્વરાએ ઝડપથી હાઈકોર્ટમાં ગુજરાતી ભાષાનું સંચાલન કરવા સરકાર પગલાં લેશે.' .....૧૯૭૨થી આજે ૨૦૧૩ ચાલે છે તોયે હાઈકોર્ટમાં અંગ્રેજી ભાષાનું સંચાલન ચાલુ જ છે.

દેશનાં ચાર રાજ્યો બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં હાઈકોર્ટમાં દેશની કોઈપણ ભાષામાં સંચાલનની છૂટ છે. છત્તીસગઢ, તામિલનાડુ અને ગુજરાતની સરકારોએ અંગ્રેજી ઉપરાંત એક પ્રાદેશિક ભાષામાં સંચાલનની કરેલી દરખાસ્ત સ્વીકારાઈ નથી. સુપ્રીમ કોર્ટમાં તો અંગ્રેજી સિવાયની અન્ય કોઈ પણ ભાષામાં સંચાલનની મંજૂરી આપવાનો અધિકાર કેન્દ્ર સરકાર કે રાષ્ટ્રપતિને નથી. આ માટે તો જોગવાઈ પ્રમાણે બંધારણીય સંશોધન કરવું પડે. બંધારણની કલમ ૩૪૮/૧માં અંગ્રેજી ઉપરાંત અન્ય એક ભાષાના સંચાલન માટે સુધારો કરવો પડે તો જ તેનો અમલ થઈ શકે.

સંસદમાં અંગ્રેજી સિવાય દેશની અન્ય ૨૨ ભાષાઓમાં બોલવાની છૂટ છે. સંસદો માટે મંજૂર થયેલી ભાષામાં સાંભળે અથવા હિન્દી કે અંગ્રેજી ભાષામાં સાંભળવા જે તે વખતે અનુવાદની ઉપલબ્ધિ હોય છે તે મુજબ ન્યાયતંત્રમાં સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટમાં અંગ્રેજી ઉપરાંત અન્ય એક ભાષામાં સંચાલનની છૂટ આપી શકાય પરંતુ હાલ અંગ્રેજી સિવાય અન્ય ભાષામાં વિકલ્પ ન હોઈ આમ આદમીના શોષણ માટેના દરવાજા ચારે બાજુના ખુલ્લા રહ્યા છે.

નીચલી કોર્ટના કેસમાં તમામ અન્ય ભાષાના કાગળોનું અંગ્રેજીમાં ભાષાંતર કરવું, તેને પ્રીન્ટ કરવું, અંગ્રેજીના કારણે ઘણી ઊંચી ફીના વકીલ રોકવા, દલીલો અંગ્રેજીમાં, ચુકાદાઓ અંગ્રેજીમાં – આમ અંગ્રેજીના કારણે આમ આદમીના શોષણે હદ વટાવી દીધી છે.

ચાલુ કેસે કોર્ટમાં હાજર રહેલા અસીલને ખબર નથી પડતી કે શું રંધાઈ રહ્યું છે, અને એના  કારણે તે પોતાના વકીલ સાથે વાતચીત કરી શકતો નથી કે નથી કોઈ સૂચન કરી શકતો.  એથી આંધળે બહેરું કુટાવાનું જોખમ રહે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી તો તેની પાસે અન્ય કોઈ જ વિકલ્પ રહેતો નથી.

સ્વાતંત્ર્યનાં છાસઠ વર્ષ પછીય હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટમાં જતા આમ આદમીને મોં વકાસી બહેરા બની બેસી રહી બેફામ શોષણખોરીનો શિકાર બનવું પડે છે તે કરુણ અને વિચિત્ર સ્થિતિ છે. એને મિટાવવા માટે સંસદે બંધારણીય સંશોધનથી સુપ્રીમકોર્ટ અને હાઈકોર્ટ સંચાલન અંગ્રેજી ઉપરાંત એક પ્રાદેશિક ભાષામાં થાય તે માટે મંજૂરી આપવી જોઈએ.

આમ આદમી સ્વયં હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં દાદ માંગવા જઈ પોતાની રજૂઆત પોતાની પ્રાદેશિક ભાષામાં કરી શકે અને કેસનું સંચાલન કોર્ટ કરી શકે ત્યારે ન્યાયક્ષેત્રે સ્વાતંત્ર્યનો સ્વાદ આમ આદમી માણી શકશે.

*નિરીક્ષક, ૧, ઑગસ્ટ, ૨૦૧૩*

નવરાત્રિ ઉત્સવ હમણાં ગયો – એમાં સાંભળેલા ગરબા તમારા કાનમાં ગુંજતા હશે. પણ, આ નીચે છે તે ગરબો તમે ક્યાંય સાંભળ્યો? ને આ નટવર-લાલ-જી તે કોણ હશે? વાંચો. પછી વાત કરીએ.

# નટવરલાલજીનો ગરબો

## 'શેષ'

નટવરલાલજી રે ચૌટે શાક લેવા ચાલ્યા.
નટવરલાલજી રે જાતાં રાધા વહુને કીધું. ૧

નટવરલાલજી રે 'આધણ ખીચડીનું ઝટ મૂકો.
નટવરલાલજી રે સાંજે ખીચડી શાક જ કરજો. ૨

'પણ હજી જાઓ છો ને ત્યાં શી આધણની ઉતાવળ?
નટવરલાલજી રે 'નહિ, બસ વખતસર જ થવું જોયેં. ૩

નટવરલાલજી રે ચૌટે એમ કહીને ચાલ્યા.
નટવરલાલજી રે ચૌટે કૉલેજ-મિત્રો મળિયા. ૪

'છેલ્લો આજ શો છે જોવા જઈએ ચાલ સિનેમા.
નટવરલાલજી રે 'પણ મેં જમવા ટાઇમ દીધો છે. ૫

'ચલ કહેવરાવિયે રે કોને ઘેર જવું છે જમવા ?
નટવરલાલજી રે 'નહિ નહિ, ઘરની વાત કરું છું. ૬

'બહાનાં શું રે દિયો રે ઘરમાં ટાઇમ હોતા હોશે કે ?
નટવરલાલજી રે મંડળી એમ થિયેટર પહોંચી. ૭

નટવરલાલજી રે ત્યાં તો બંધ થિયેટર દીઠું.
એમ શું હારીએ રે જોયા વણ નહિ પાછા જઈએ. ૮

નટવરલાલજી રે  બીજે ટિકિટ મળી નહિ જોવા.
તો શું થઈ ગયું રે  કાળ નથી કૈં થિયેટરોનો. ૯

નટવરલાલજી રે  ત્રીજે ફિલ્મ થઈ'તી અરધી.
નટવરલાલજી રે  ટિકિટ લઈને અંદર બેઠા. ૧૦

નટવરલાલજી રે  નવ વાગે એ માંડ પૂરી થઈ.
'જોવો રહી ગયો તે પહેલો ભાગ જોઈને જઈએ. ૧૧

'ને કંઈ ખાઈએ રે  પેટ ભરીને સૌએ ખાધું.
નટવરલાલજી રે  પેટ ભરેલે રસ બહુ લાગ્યો. ૧૨

નટવરલાલજી રે  આખી ફિલ્મ ફરીને જોઈ.
નટવરલાલજી રે  રાતે બાર બજે ઘર પૂગ્યા. ૧૩

નટવરલાલજી રે  હળવે રહી ટકોરો માર્યો.
'નથી ઉઘાડતી રે મારે કામ ન કાંઈ તમારું.  ૧૪

નટવરલાલજી રે  'વહુજી ઉતાવળાં મા બોલો.
નટવરલાલજી રે  'વરજી બોલશું તો શું થાશે?  ૧૫

નટવરલાલજી રે  'વહુજી છોકરાં જાગી જાશે.
નટવરલાલજી રે  'વરજી જાગશે તો શું થાશે ?  ૧૬

નટવરલાલજી રે  'વહુજી લડતાં દેખી જાશે.
નટવરલાલજી રે  'વરજી દેખશે તો શું થાશે ?  ૧૭

નટવરલાલજી રે  'વહુજી પાડોશી સાંભળશે.
નટવરલાલજી રે  'સાંભળશે તો શું થઈ જાશે ?  ૧૮

નટવરલાલજી રે  'વહુજી સહુ ભેગાં થઈ જાશે.
નટવરલાલજી રે  'ભેગાં થાશે તો શું થાશે ?  ૧૯

નટવરલાલજી રે  'આપણો બહુફજેતો થાશે.
નટવરલાલજી રે  'એયે થાશે તો શું થાશે ?  ૨૦

નટવરલાલજી રે  'વહુજી હવે ન મોડો થાઉં.
'ખીચડી મુકાવી'તી તે ખાવું કબૂલો તો જ ઉઘાડું.  ૨૧

નટવરલાલજી રે  'વહુજી જે કહેશો તે કરશું.
'મહીંથી દીધી નથી રે બ્હારની સાંકળ ઉઘાડી આવો.  ૨૨

નટવરલાલજી રે  ખડખડ ઉઘાડીને ધસિયા.
નટવરલાલજી રે  ખડખડ રાધાવહુયે હસિયાં.  ૨૩

નટવરલાલજી રે  જે કોઈ ગાય શીખે સાંભળશે,
નટવરલાલજી રે  તેની ભવની ભાવટ ટળશે.  ૨૪

*'શેષનાં કાવ્યો'(૧૯૩૭)-માંથી*




આ કવિ શેષ તે રામનારાયણ વિશ્વનાથ પાઠક(જ.૧૮૮૭-અવ.૧૯૫૫). ગુજરાતીના એક સમર્થ વિદ્વાન. સુંદરમ્, ઉમાશંકર જેવા ગાંધીયુગના કવિઓની પેઢીના ગુરુ. બહુ મોટા વિવેચક, પણ સરળ અને કાચ જેવું પારદર્શક વિવેચન લખનારા. અને વળી, રસિક પંડિત!

એમનાં વિવિધ રૂપ તો જુઓ : 'શેષ' એવા ઉપનામથી કાવ્યો લખ્યાં; 'દ્વિરેફ' એવા નામે વાર્તાઓ લખી; 'સ્વૈરવિહારી'ના નામે હળવા નિબંધો લખ્યા – અને મૂળ નામે વિવેચન-ગ્રંથો લખ્યા!

હાસ્ય-કટાક્ષમાં એકબીજાથી ચડે એવાં પતિ-પત્નીનો મરમાળો દામ્પત્યપ્રેમ એમનાં ઘણાંબધાં કાવ્યો-વાર્તાઓ-નિબંધોમાં જોવા મળે છે – ન વાંચ્યાં હોય તો એમાંથી જરાક 'ઉમા-મહેશ્વર' કાવ્ય ને 'જક્ષણી' નામની વાર્તા તો જરૂર વાંચજો.

ને હવે ફરી વાંચો નટવરલાલજીનો ગરબો....

# નર્મ મર્મ હાસ્ય

આપણા જાણીતા હાસ્ય-લેખક રતિલાલ બોરીસાગરની અનુભવ-મૂલક હાસ્યકથા *ઍન્જોયગ્રાફી*-માંથી છેલ્લો અંશ અહીં મૂક્યો છે. વર્ષો પહેલાં, ઍન્જ્યોગ્રાફી માટે મદ્રાસની ઍપોલો હૉસ્પિટલમાં તે દાખલ થયેલા – એ સારવારનો આખો અનુભવ આલેખતી નાનકડી પુસ્તિકા ૧૯૬૬માં એમણે લખેલી. એક સર્જક વ્યક્તિગત વેદના-ઉચાટ-ભયનું કેવું તો હળવાશમાં રૂપાંતર કરી શકે એનું આ રસપ્રદ ઉદાહરણ છે – ઍન્જ્યોગ્રાફીનું ઍન્જોય-ગ્રાફી કર્યું એ જ આ પુસ્તકનો મૂળ મર્મ છે. (કહેવાય છે કે, આ પુસ્તિકા વાંચીને, હૃદયરોગના કેટલાક દરદીઓના મનમાંથી ચિંતા-ભય નીકળી ગયેલાં! – હાસ્યનો એ જ જાદુ છે...)

આ છેલ્લા પ્રકરણનું શીર્ષક **ઍન્જ્યોગ્રાફી** છે...

## ઍન્જ્યૉગ્રાફી

### રતિલાલ બોરીસાગર

સાંજે મને વિધિસર જાણ કરવામાં આવી કે આવતી કાલે ઍન્જ્યૉગ્રાફી કરવામાં આવશે. એટલે રાત્રે દસ પછી પાણી કે કશું નહીં લેવાનું. ઍન્જ્યૉગ્રાફી દરમિયાન ડૉક્ટરની મદદથી મારે અંતિમ શ્વાસ લેવાનો વખત આવે તો એની સઘળી જવાબદારી મારી છે એવી મતલબના લખાણમાં મારી સહી કરાવવામાં આવી. આમ તો દર્દી મરે છે ત્યારે પોતાને વાંકે જ મરે છે. ડૉક્ટર એ પ્રક્રિયા ઝડપી બનાવી શકે છે એટલું જ, પણ દર્દીની યાતનામુક્તિનો યશ દર્દીને પોતાને જ આપવા જેટલી ઉદારતા પણ ડૉક્ટરોમાં હોય છે એ જાણી મને ઘણો આનંદ થયો.

મારી બાજુની રૂમના દર્દીની પણ આવતી કાલે ઍન્જ્યૉગ્રાફી કરવાની હતી એવા સમાચાર મળ્યા એટલે હું ને મારા ભાઈ બંને એમની પાસે ગયા. તેઓ તો બીજી વાર ઍન્જ્યૉગ્રાફી કરાવી રહ્યા હતા અને છતાં, કદાચ એટલે જ, વધુ ગભરાયેલા હતા – લગ્નમાં બીજવર વધારે ગભરાતો હોય છે તેમ. પહેલી વાર લગ્ન કરનારને તો ભાવિ આપત્તિનો કોઈ અણસાર નથી હોતો એટલે એ ઉત્સાહમાં હોય છે, પણ બિચારો બીજવર ભૂતકાળના આધારે ભાવિનાં એંધાણ સમજતો હોય છે એટલે એ વધારે

ગભરાયેલો હોય છે. પહેલી વાર લગ્ન કરનારની જેમ હું તો એકદમ ઉત્સાહમા હતો. મેં એમને થોડી હિંમત આપી. પહેલાંના સમયમાં ઘેર પથારીમાં મૃત્યુ પામવા કરતાં રણમેદાનમાં વીરગતિ પામવી એ વધુ સારું ગણાતું હતું તેમ આજના સમયમાં ઘેર પથારીમાં મૃત્યુ પામવા કરતાં હૉસ્પિટલમાં ઑપરેશન ટેબલ પર અંતિમ શ્વાસ લેવા એ વધુ સારું ગણાય એમ મેં એમને સમજાવ્યું.

*

બીજે દિવસે ઍન્જ્યૉગ્રાફીનો વિધિ શરૂ થયો. જુનિયર પુરુષ ડૉક્ટરે મારું બ્લડપ્રેશર માપ્યું. બ્લડપ્રેશર નૉર્મલ આવ્યું. મને અને એમને — ખાસ તો એમને — નિરાંત થઈ.

સવારે સાડાનવ વાગ્યે બે નર્સબાળાઓ આવી અને ડૉક્ટરો પહેરે  છે એવો લાંબો સફેદ ડગલો મારા હાથમાં મૂક્યો.

"આ મારે પહેરવાનો છે ?" મેં એ બંનેને પૂછ્યું. હૉસ્પિટલ ઘણી મોટી છેને હમેશાં ભરાયેલી રહે છે એટલે આ અગાઉ પણ ઘણા બાઘા દર્દીઓ સારવાર માટે અહીં આવ્યા હશે પણ મારી જેવો બાઘોત્તમ (બાઘાઓમાં ઉત્તમ) દર્દી તેઓ પહેલી વાર જોતી હોય એમ એ હસી પડી ને  કહ્યું, "હા." એમણે હા પાડી એટલે મેં તરત ઝભ્ભો ચડાવવા માંડ્યો. એથી એ બંને ફરી હસી પડી "નો, નો, નોટ ધેટ વે. શર્ટ નિકાલ કે." એટલે મેં શર્ટ કાઢ્યું તો ફરી હસીને કહે, "બનિયન ઓલસો." બંને બાલિકાઓના દેખતાં બનિયન ઉતારતાં મને થોડો સંકોચ તો થયો, પણ મેં બનિયન પણ ઉતાર્યું ને પાછો ઝભ્ભો ચડાવી પૂછ્યું, "ઓલ રાઈટ?" એટલે એ બંને ફરી હસી પડી. હસતાં હસતાં કહે, "પેન્ટ ભી નિકાલો." આટલું સાંભળતાં તો મને પરસેવો વળી ગયો. કૃષ્ણાવતારમાં પ્રભુએ ગોપીઓનાં ચીર હર્યાં હતાં; નારીજાગૃતિના આ યુગમાં આ બંને નારીઓ એક પુરુષનાં ચીર હરીને એ પ્રાચીન ઘટનાને સમતોલ કરી રહી હતી. મેં પેન્ટ ઉતાર્યું ને કાબાથી લૂંટાયેલા અર્જુનની જેમ દિગ્મૂઢ બનીને ઊભો. પેલીઓને લાગ્યું કે આ દર્દી ધ્વન્યાત્મક પરિભાષામાં સમજે એટલો બુદ્ધિમાન જણાતો નથી એટલે એમાંની એકે અભિધામાં જ કહી નાખ્યું: "જાંગિયા ભી નિકાલના પડેગા; નથિંગ એકસેપ્ટ ધીસ વ્હાઈટ કોટ." એક તીણી ચીસ મારા ગળા સુધી આવીને અટકી ગઈ. મેં માંડ કાબૂ રાખ્યો. અસહાય બનીને મેં જાંગિયો પણ ઉતાર્યો. અલબત્ત, ઝભ્ભો છેક ઘૂંટણ સુધીનો હતો એટલે એકંદરે હું સુરક્ષિત હતો. પણ બંને હાથે મેં ઝભ્ભો દબાવી રાખ્યો હતો. મને અસહાય સ્થિતિમાં મૂકી બંને બાળાઓ જતી રહી.

મારા ચીરહરણ સમયે બહાર ગયેલા મારા ભાઈ રૂમમાં પાછા આવ્યા. ત્યારે હું એકવસન બનીને ઊભો હતો. મારા ભાઈ કહે, "શરીર પર એકમાત્ર ઝભ્ભો રહેવાને કારણે તું સાધુ જેવો લાગે છે."

"હા," મેં કહ્યું, "ઍન્જ્યૉગ્રાફી પછી ઑપરેશન કરાવવાનું થશે તો સાધુ જેવા લાગવાનો પ્રશ્ન નહીં રહે — સાધુ થઈ જ જઈશ. અંગ પર રહેલું આ એકમાત્ર કપડું મારા ભાવિનો દાક્તરી સંકેત છે."

*

બરાબર દસ ને પંચાવન મિનિટે ઍન્જ્યૉગ્રાફી માટે નોતરું આવ્યું. મયૂરાસન લઈને હૉસ્પિટલનો કર્મચારી પ્રગટ થયો. મારા ભાઈ કૅથ લૅબોરેટરી સુધી વળાવવા આવ્યા. આખે રસ્તે હું મારા કામચલાઉ શાહી ઠાઠની મજાકો કરતો રહ્યો. પણ એ હસી શક્યા નહીં. એમને રૂમ પર રાહ જોવાનું કહી મેં મારું મયૂરાસન લૅબોરેટરીમાં લેવરાવ્યું.

લૅબોરેટરીનું વાતાવરણ અત્યંત ગંભીર હતું. એક નર્સ ડૉક્ટરને યુનિફૉર્મ ઝભ્ભો પહેરાવી રહી હતી. એક-બે નર્સ આમતેમ જતી-આવતી હતી. એક નર્સ મારો હવાલો સંભાળવા ટેબલ પાસે ઊભી હતી. મોટાંમોટાં મશીનો, – આંજી નાખે એવી લાઈટો ... પન્નાલાલ પટેલના એકાંકી નાટક ‘વૈતરણીને કાંઠે’માં નરકની વૈતરણીનદીના કાંઠા પરનં દશ્ય ગરીબ બિચારો માંધા ધના




ચકળવકળ નજરે જોયા કરે છે એમ હુંય બધું દિગ્મૂઢ નજરે જોઈ રહ્યો.

ટેબલ પર મને સુવડાવવામાં આવ્યો. વિધિ શરૂ થયાની મને વિધિસર જાણ કરવામાં આવી. સૌપ્રથમ, લોહી નીકળ્યા પછી બંધ કેટલા વખતમાં થાય છે અ નક્કી કરવાનું હતું. લોહી બંધ જ નહીં થાય તો શું એવો એક વિચાર આવ્યો, પણ પછી થયું કે લોહી બંધ થવાનો વિચાર કરવામાં રહીશ તો હૃદય બંધ પડી જશે. એટલે એ વિચાર બંધ કરવો એ જ હિતાવહ છે. પછી એક લાંબી મુલાયમ બારીક કેથટર મારા હૃદયની બે મહાધમનીઓ વચ્ચે મૂકવા માટે મારો સાથળ વીંધવામાં આવ્યો. ભાસનું ‘ઉરુભંગમ્’ નાટક હું ભણ્યો હતો. આજે મારો ઉરુભંગ થતો હું જોઈ રહ્યો. દુર્યોધનનું હૃદય તો દૂષિત હતું માટે ઉરુભંગનો પ્રસંગ એના જીવનમાં આવ્યો હતો. મારું હૃદય દૂષિત છે કે કેમ તે નક્કી કરવા માટે ઉરુભંગનો પ્રસંગ મારા જીવનમાં આવ્યો. એક વીર નાયકની જેમ મારે આ ઉરુભંગ સહન કરવાનો હતો.

આ પછી ડૉક્ટરે સૂચના આપવી શરૂ કરી. "સૂચના અંગ્રેજીમાં આપું કે હિન્દીમાં ?" એવું ડૉક્ટરે અંગ્રેજીમાં પૂછ્યું. બસમાં જવું કે રિક્ષામાં એવી સાવ નાની બાબતમાં પણ હું જલદી નિર્ણય કરી શકતો નથી એટલે ઘણી વાર અર્ધો કલાક સુધી બસની રાહ જોઈ પછી રિક્ષામાં જતો હોઉં છું. અત્યારે પણ સૂચના અંગ્રેજીમાં મેળવવી હિતાવહ ગણાય કે હિન્દીમાં એ હું ઝટ નક્કી ન કરી શક્યો. ડૉક્ટરે શુદ્ધ ગુજરાતીમાં આપેલી સૂચનાઓનું પાલન કરવામાં પણ મારાથી અનેક પ્રકારની ગરબડ થાય છે. પણ અહીં અત્યારે જો કંઈ ગરબડ થાય તો કોમામાં આવી જવાની અને કોમામાં આવી ગયા પછી કદાચ ફુલસ્ટૉપ સુધી પહોંચી જવાની સંભાવના હતી — એટલે નિર્ણય કરવાનું વધુ અઘરું હતું. અંગ્રેજીમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર મળવામાં વાર લાગી એટલે ડૉક્ટર એ જ પ્રશ્ન હિંદીમાં પૂછ્યો. મદ્રાસમાં અંગ્રેજી મૂકીને હિંદી તરફ આદર બતાવવામાં સાહસ હતું પણ અંગ્રેજીમાં અપાયેલી સૂચના ન સમજવાને કારણે મરવા કરતાં, રાષ્ટ્રભાષામાં અપાયેલી સૂચના ન સમજવાને કારણે મરવામાં કમ સે કમ દેશભક્તિ તો પ્રગટ થઈ ગણાય એમ માની મેં હિંદીમાં સૂચના આપવાની વિનંતી અંગ્રેજીમાં કરી.

"શ્વાસ લો." ડૉક્ટર કહ્યું. અમારા એક ભુલકણા સ્નેહીના મનમાં એવો વહેમ દૃઢ થઈ ગયો છે કે એમનું મૃત્યુ શ્વાસ લેવાનું ભૂલી જવાને કારણે થવાનું છે. મેં એમને ‘ભૂલો ભલે બીજું બધું, શ્વાસ લેવો ભૂલશો નહીં’ એવી સૂચના કાર્ડ પર લખી ખિસ્સા પર બિલ્લાની જેમ ભરાવવાની સલાહ આપી. પરતુ કાર્ડ ભરાવવાનું કે વાંચવાનું યાદ આવવાનો સંભવ નહિવત્ હોવાથી તેઓ મારી સલાહ પ્રમાણે વર્તી શક્યા નહીં. ડૉક્ટરે ‘શ્વાસ લો’ એમ કહ્યું એટલે પહેલાં તો શ્વાસ લેવાનું હું ભૂલી ગયો છું કે શું એવી શંકા થઈ. મેં ધીરેધીરે શ્વાસ લેવાનો પ્રયત્ન કર્યો, પણ વચ્ચે વચ્ચે મારાથી ઝડપથી શ્વાસ લેવાઈ જતા હતા. મારી અણઆવડતને કારણે ડૉક્ટરને પડતી મુશ્કેલી અંગે ડૉક્ટરની ક્ષમા માગવાનું મને મન થયું. પણ ડૉક્ટર સત્યમૂર્તિ સ્થિર મૂર્તિની જેમ ઊભા રહી પડદા પર ઝિલાઈ રહેલી મારા હૃદયની છબિ જોવામાં તન્મય હતા એટલે મેં એમને ખલેલ ન પહોંચાડી.

"ઊંડા શ્વાસ લો." ડૉક્ટરે સૂચના આપી. ઊંડા ઊંડા નિસાસા નાખવા પડે એવી અનેક તકો જીવનમાં આવતી રહી હોવા છતાં ઊંડા નિસાસા નાખવાની મને બિલકુલ પ્રૅક્ટિસ નથી. એ કારણે ડૉક્ટરને સંતોષ થાય તે રીતે ઊંડા શ્વાસ લેવાનું મને કદી ફાવ્યું નથી. તેમ છતાં મેં ઊંડા શ્વાસ લેવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા.

"શ્વાસ રોકો" ડૉક્ટરે નવી સૂચના આપી. મેં શ્વાસ થંભાવ્યો. પ્રાણાયામમાં શ્વાસ રોકવા જતાં અમારા એક મિત્રના કાન જતા રહ્યા છે. રોકી રાખેલી — પરાણે રોકી રાખેલી હવા — નાક એમણે જોરથી દાબી રાખ્યું હતું એટલે — કાનના પડદા તોડીને બહાર નીકળી ગઈ ને તેઓને બહેરા બનાવતી ગઈ. આ પછી તેમણે પ્રાણાયામ કરવાનું અને સાંભળવાનું એકસાથે બંધ કર્યું. નહીં સાંભળનારા જગતમાં સૌથી સુખી છે એવો જેમને બહુ સાંભળ-સાંભળ કરવું પડતું હોય એવા મનુષ્યોનો મત છે. પણ થોડી જ સેકંડોમાં ડૉક્ટરે શ્વાસ છોડવાનું કહ્યું એટલે પરમ સુખી જીવસૃષ્ટિના સભ્ય બનવાનું રહી ગયું.

ડૉક્ટરની સૂચનાઓ ચાલી ત્યાં સુધી તો મારું મન સૂચનાઓ ઝીલવામાં, સમજવામાં ને એમનો પ્રતિભાવ આપવામાં રોકાયેલું રહ્યું. પણ સૂચનાવલિ પૂરી થઈ કે તરત જ મનમાં પ્રશ્નાવલિ શરૂ થઈ : મારા હૃદયની કેવી છબિ ઝિલાઈ હશે ?  રક્તવાહિનીઓ ભરેલી હશે ? બાયપાસ સર્જરી કરાવવી પડશે? આટલી મોટી રકમ કયા ખિસ્સામાંથી બાયપાસ થવાનું નિર્માયું હશે? મારું બાયપાસ કરવામાં બાઈ પાસ થશે? કે બાઈ મને જ બાયપાસ કરી દેશે? — આ અને આવા અનેક પ્રશ્નો મનમાં ઊભરાવા માંડ્યા પણ તરત જ પ્રભુ મારી વહારે આવ્યા. મેં મનને સંભાળી લીધું : ના, ના. આવા પ્રશ્નો મને ન થવા જોઈએ. રક્તવાહિનીઓ ભરેલી હશે તો સભર હૃદયના માલિક હોવાનું ગૌરવ લઈશ અને ભરેલી નહીં હોય તો ચોખ્ખા હૃદયનો માણસ છું એવું દાક્તરી પ્રમાણપત્ર પણ મળશે. અત્યાર સુધી હળવા હૃદયે ખેલ ચલાવ્યો છે તો એમ જ ખેલ પૂરો કરવાનો — ખેલ સાવ પૂરો થવાનો હોય તોપણ. અને મનમાંથી તમામ પ્રશ્નોને મેં હાંકી કાઢ્યા.

આ પછી ડૉક્ટરે કહ્યું, "હવે છેલ્લી પ્રોસેસ : થોડી સેકંડો માટે શરીરની અંદર ગરમ ગરમ લાગશે. પણ ચિંતા ન કરશો — કશું થશે નહીં." — અને થોડી જ વારમાં ક્યુરોસિવોનો ગરમ પ્રવાહ મારા શરીરમાંથી પસાર થતો હોય એવી  ઉષ્ણતાનો મેં અનુભવ કર્યો. જીવનમાં ભાગ્યે જ ગરમ થયેલા માણસને ડૉક્ટરે થોડી ક્ષણો માટે ગરમ ગરમ કરી મૂક્યો!

"ઈટ્સ ઓવર." ડૉક્ટરે ઍન્જ્યૉગ્રાફી પૂરી થવાની ઘોષણા કરી. જિંદગી ઓવર થવાની છે કે હજુ ચાલવાની છે એના નિર્ણયનો જેના પર આધાર હતો; જેને માટે અમદાવાદથી મદ્રાસ સુધીની મહાયાત્રા કરી હતી; જેની વાત કરતાં ડૉક્ટરો પણ ગંભીર થઈ જતા હતા; જેનો સાચો ઉચ્ચાર કરતાં પણ મને તકલીફ પડતી હતી – એ ઍન્જ્યૉગ્રાફી કશી પીડા કે તકલીફ વગર  પૂરી થઈ ગઈ. ! માત્ર પંદર-વીસ મિનિટના આ ખેલ માટે કેટકેટલા દિવસોથી બધું ઉપરતળે થઈ ગયું હતું!

ઍન્જ્યૉગ્રાફીનું પરિણામ જાણવાની ઉત્કંઠા મને થઈ આવી. પણ મેં પૂછ્યું નહીં. પરિણામ જાણવા ન મળે ત્યાં સુધી ‘ઑપરેશન નહીં કરાવવું પડે’ – એ વિકલ્પ પણ ખુલ્લો રહેતો હતો. એક માણસની સો રૂપિયાની નોટ ખોવાઈ ગઈ. એણે ચારે કોર શોધી પણ મળી નહીં. એની પત્નીએ પૂછ્યું, "ઝભ્ભામાં જોયું?"

"હા" પતિએ કહ્યું.

"બધાં ખિસ્સામાં જોયું?"

"ના. બેય બાજુનાં ખિસ્સામાં જોયું પણ ઉપરના ખિસ્સામાં નથી જોયું. બાકી રસોડામાં, ઓસરીમાં, ફળિયામાં, ટેબલના ખાનામાં, કબાટમાં, અરે... કચરાટોપલીમાં સુધ્ધામાં જોઈ વળ્યો છું."

"પણ ઝભ્ભાના ઉપરના ખિસ્સામાં કેમ નથી જોતા?"

"એમાં ન હોય તો પછી સોની નોટ સાવ જાય." પતિએ કહ્યું. એ પતિની જેમ અનિશ્ચિત્તતામાંથી મળતી રાહતનો લાભ લેવા ઍન્જ્યૉગ્રાફીના પરિણામ અંગે મેં ડૉક્ટરને કશું પૂછ્યું નહીં.

ઍન્જ્યૉગ્રાફી પૂરી થયા પછી પાટાપિંડી માટે મને બાજુની કેબિનમાં લઈ જવામાં આવ્યો. ડૉક્ટરે સૂચના આપીઃ "સાંજના સાત વાગ્યા સુધી આ જમણો પગ સહેજે નહીં હલાવવાનો ને સવારના સાત વાગ્યા સુધી પલંગ પરથી નીચે નહીં ઊતરવાનું. આમાં જો ગફલત થશે તો લોહી વહેવા માંડશે." વહી શકે અથવા વહેતું બંધ ન થાય એટલું બધું લોહી મારા શરીરમાં હોવાનો બહુ સંભવ નહોતો. છતાં, બૉસ અને ડૉક્ટરની સૂચનાનો દલીલ કર્યા વગર સ્વીકાર કરવામાં ડહાપણ છે એ સત્યનું સ્મરણ થવાથી મેં એ સૂચનાનું પાલન કરવાનું વચન આપ્યું.

પાટાપિંડીનો વિધિ પૂરો થયા પછી મને સ્ટ્રેચરમાં સુવડાવી રૂમ પર લાવવામાં આવ્યો. મને સાજોસારો આવેલો જોઈ, અધ્ધર જીવે બેઠેલા મારા ભાઈના જીવમાં જીવ આવ્યો.

*

હલ્યાચલ્યા વગર પથારીમાં સૂતેલો હું બાણશય્યા પર સૂતેલા ભીષ્મપિતામહ સમો શોભતો હતો એમ મને પોતાને લાગતું હતું. ભીષ્મપિતામહ કરતાં મારું કામ થોડું અઘરું અવશ્ય હતું, પણ ગમે તેમ કરીને એ પાર પાડવાની મારી ભીષ્મપ્રતિજ્ઞા હતી.

બે વાગ્યે ભોજનથાળ આવ્યો. સૂતાંસૂતાં કેમ જમાશે એવી વિમાસણમાં હતો ત્યાં બે નર્સો આવી. એમણે મારા પલંગનો પાછળનો ભાગ ઊંચો કરી દીધો; બે મોટાં ઓશીકાં ગોઠવી આપ્યાં; ભોજનથાળ રાખવા માટે, હાથ સહેલાઈથી પહોંચી શકે એટલા અન્તરે સ્ટૅન્ડ ગોઠવી આપ્યું. મયૂરાસન પર બેઠેલો શાહજહાં આનાથી વધારે નહીં શોભતો હોય એમ મને લાગ્યું.

મેં જોયું કે આજની ભોજનસામગ્રી ઓળખવાનું થોડું અઘરું છે. ‘શાક છે એમ ખબર પડતી હતી પણ શેનું શાક છે એ વિશે અનુમાન કરવાનું પણ શક્ય નહોતું. કેટલીક સામગ્રી તો શું છે એનો જ ખ્યાલ આવતો નહોતો. મેં એક વાડકામાંથી કકડો ઉપાડ્યો; મોંમાં મૂકવા જતો જ હતો ત્યાં મને એ ખાદ્યપદાર્થ ઓળખવાની જિજ્ઞાસા થઈ આવી. મેં બેલ મારી. એક બાલિકા આવી. મેં પૂછ્યું, "આ શું છે?" "અરે! આ તો ચિકન છે!" અને પછી ‘સ્ટ્રીક્ટલી વેજિટેરિઅન’ વાળી મારી સૂચના યાદ આવતાં એનાથી લગભગ ચીસ પડાઈ ગઈ. "અરે! તમને ચિકન કોણે આપી દીધું?" આ સાંભળી ચિકનના ટુકડાવાળો મારો હાથ એમ જ સ્થિર થઈ ગયો. મારું મગજ ક્ષણ-બે ક્ષણ ચાલતું બંધ થઈ ગયું — જોકે સારું થયું બંધ થઈ ગયું. એમ ન થયું હોત તો મારાથી પલંગ પરથી કૂદકો મરાઈ ગયો હોત — ને જો કૂદકો મરાઈ ગયો હોત તો બ્લિડિંગ ચાલુ થઈ ગયું હોત ને જો બ્લિડિંગ ચાલુ થઈ ગયું હોત તો અનેકાનેક કૉમ્પ્લીકેશન્સ થયાં હોત ને જો અનેકાનેક કૉમ્પ્લીકેશન્સ થયાં હોત... તો... તમે કદાચ અત્યારે આ વાંચતા ન હોત....!

નર્સબહેન એકદમ બહાર ગયાં. થોડી જ વારમાં ભોજનનાં વ્યવસ્થાપિકા બહેન બીજાં બેત્રણ નર્સબહેનો સાથે આવી પહોંચ્યાં. એમની પાછળ કૅન્ટીનનો માણસ બીજો ભોજનથાળ લઈને આવ્યો. બધાંએ વારંવાર મારી ક્ષમા માગી. ઈશુનું ઔદાર્ય ને બુદ્ધની કરુણા મારામાં પ્રગટાવી મેં એમને ક્ષમા આપી. એક પરમ મરજાદી વૈષ્ણવનો પૌત્ર ચિકન ખાતો સહેજમાં બચી ગયો.

*

બાણશય્યાની પોઝિશનમાં સૂઈ રહેવાનો સમય નિર્વિઘ્ને પસાર થઈ ગયો. પણ સવાર સુધી પલંગ પરથી ઊતરવાની મનાઈ હતી. એવામાં રાત્રે મને હેડકી ઊપડી. અર્ધા કલાક સુધી તો મેં ધીરજપૂર્વક એને આવવા દીધી, પણ અર્ધા કલાક પછી હેડકીએ સ્પીડ પકડી. બીજો અર્ધો કલાક હું હેડકી સામે ઝઝૂમ્યો પણ એણે પરાસ્ત થવાનું કબૂલ્યું નહીં. હું થોડો અને મારા ભાઈ વધુ — એમ બંને ગભરાયા. રાતના બાર વાગ્યા હતા. મારા ભાઈ બહાર જઈને નર્સને

બોલાવી લાવ્યા. કહે છે કે ગભરાટને કારણે હેડકી બંધ થઈ જાય છે, એવું જ થયું. બાલિકાનું આગમન થતાં જ હેડકી બંધ થઈ ગઈ! બાલિકાએ પૂછ્યું, "શું થાય છે?" મારા ભાઈ ટેન્શનને કારણે 'હેડકી' માટેનો અંગ્રેજી શબ્દ ભૂલી ગયા, ને મને તો આવડતો જ નહોતો. મદ્રાસ આવવાનું હતું તે અરસામાં હૃદયરોગને લગતા તમામ અંગ્રેજી શબ્દો મેં જાણી લીધા હતા. પણ 'હેડકી' માટેના અંગ્રેજી શબ્દનો ખપ પડશે એની મને કલ્પના નહોતી. શ્રી દેશપાંડેસાહેબનો ગુજરાતી-અંગ્રેજી કોશ સાથે લાવવાનું વિચારેલું, પણ નીકળતી વખતે ભુલાઈ ગયું. સારું અંગ્રેજી ન જાણવાને કારણે અનેક ગુજરાતીઓની જિંદગી બગડી છે એવો એક મત છે, પણ અહીં તો સારું અંગ્રેજી ન જાણવાને કારણે એક ગુજરાતીની જિંદગીનોઅંત આવી જવાની સ્થિતિ ઊભી થઈ હતી! એકદમ મેં 'માતૃભાષાનો સહારો લઈ ચલાવ્યું,' "ઈટ ઈઝ હેડકી, યુ નો?" "નો, આઈ ડોન્ટ નો." એણે કહ્યું, "મેં હેડકીનો અભિનય કરી બતાવ્યો, પણ પ્રત્યાયન સધાયું નહીં. હું મૂંઝાઈ ગયો, નર્સ પણ મૂંઝાતી હતી. પણ પ્રભુ વહારે આવ્યા. મને ફરી હેડકી આવવી શરૂ થઈ. મેં કહ્યું "યુ - સી - ધીસ - ધીસ..." "ઓહ ! હિકપ !" એ સમજી ગઈ. "પ્લીઝ, વેઈટ !" કહી એ ગઈ ને થોડી વારમાં દવા લઈને આવી. મેં દવા લીધી ને થોડી વારમાં હેડકી શમી ગઈ. "ઍન્જ્યૉગ્રાફી પછી કોઈ વાર આવું રિ-એક્શન આવે છે. ગભરાશો નહીં. હવે હેડકી આવે તો આ ટીકડી લેજો." કહી એ ગઈ. મેં રાહતનો દમ ખેંચ્યો.

સવારે ડૉક્ટર સત્યમૂર્તિ આવ્યા. એમની સાથે બીજા પણ એક ડૉક્ટર હતા. આ ડૉક્ટરે પાસે આવીને મારી સાથે હાથ મિલાવ્યા અને કહ્યું, "યુ આર વેરી લકી. યોર કોરોનરિઝ આર નૉર્મલ. યુ નીડ નો સર્જરી." અને પોતાની ઓળખાણ આપતાં કહ્યું, "આઈ એમ ડૉક્ટર ગિરિનાથ !" ઓહ ! ડૉક્ટર ગિરિનાથ પુરુષ હતા ! હું જેમને ડૉક્ટર ગિરિનાથ સમજતો હતો તે બહેન તો કદાચ એમનાં આસિસ્ટંટ હશે. કોરોનરિઝ નૉર્મલ હોવાનો અને બાયપાસ સર્જરીમાંથી બચ્યાનો આનંદ તો મને હતો જ, પણ એથી વધુ આનંદ તો ડૉક્ટર ગિરિનાથ પુરુષ હતા એ જાણીને મને થયો!

*એન્જોયગ્રાફી(૧૯૯૭,૨૦૦૬) નામના એમના પુસ્તકમાંથી*

# સંસ્મરણ



# નહીં લખાયેલી આત્મકથાનું પાનું

## ઉમાશંકર જોશી

થોડા દિવસ પહેલાં દિલ્હીથી અમદાવાદ આવતું સવારનું વિમાન ઉદેપુર અટકી ગયું. મારે અહીં યુનિવર્સિટીની મિટિંગ હતી. ઉતારુઓને મોટરથી અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા થઈ. ચાલુ મિટિંગે હું પહોંચ્યો પણ ખરો. મારતી મોટરે અમે અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે મારા મનની સ્થિતિ જુદી જ હતી. મારા જન્મસ્થાનનો એ પ્રદેશ. અરવલ્લીના આડાઅવળા પથરાયેલા ગિરિઓ વચ્ચેથી આવવાનું હતું. વર્ષાઋતુમાં કેટલાક પહાડો મખમલમઢ્યા ચળકતા હતા, તો કેટલાક ગીચ ઝાડીથી નીલરંગી શોભતા હતા. સાગનાં સીધાં ઊંચાં વૃક્ષો પુષ્પોની કલગીઓ ડોલાવતાં ઊભાં હતાં. ત્યાં આવ્યું શામળાજી. એ તો બાળપણનું અમારું કાશ્મીર. કાશ્મીર હજી મેં જોયું નથી, પણ બાળપણમાં સૌંદર્યધામ શામળાજી પાસેથી ઘણુંઘણું મળ્યું છે. એ વખતનું કમળભરેલું કરમા તળાવ અત્યારે તો ખેતર બન્યું છે. પણ બીજા એક નવા વિશાળ સરોવરનું નિર્માણ થયું છે.

એ પ્રદેશ અને ઋતુ. મારું ચાલે તો એ ડુંગરાળ રસ્તાઓ પર ચાલતાં ચાલતાં આગળ વધું. અસંખ્ય વાર ચાલ્યો છું. પરોઢિયે ગામથી નીકળીએ, સાંજની ગાડી પકડી રાતે નવે અમદાવાદ ભેગા થઈએ. એ જમાનામાં અમદાવાદની અપેક્ષાએ અમારો પ્રદેશ અંદામાન જેવો દૂર અને પછાત લાગતો. ડુંગરો અને જંગલોથી વીંટળાયેલા ગામડામાંથી આવતા મારા જેવાને અમદાવાદ શહેર પણ મોટા જંગલ જેવું ભાસતું. મારા અનુભવ ઉપરથી વિચાર કરું છું કે તે પછીના દસકાઓમાં ગામડામાંથી આવતા મારા જેવા અનેક નવતરુણોની ચેતનાએ અમદાવાદનો કેવી રીતે સ્વીકાર કર્યો હશે? અમદાવાદ જેવા મહાનગર સાથે એમની ઊઘડતી વ્યક્તિચેતના કેવી રીતે કામ પાડતી હશે?

હું મારી વાત કરું?

પ્રથમ વાર પિતાજી લઈ આવેલા. અમે એટલા બધા અતિથિઓ હતા કે ખાનપુર દરવાજેથી સાબરમતીમાં બપોરે નાહવા ગયેલા એવું સ્મરણ છે. બીજી વાર આવ્યો શાળાન્ત પરીક્ષા આપવા. એ પરીક્ષા આપેલી હોય તો જ ગામડામાં પોસ્ટ ઑફિસ હોય ત્યાં શિક્ષકની નોકરી મળે એ ખ્યાલે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં પરીક્ષા આપવાની હતી. બપોરના વિરામ વખતે વિક્ટોરિયા ગાર્ડન તરફ જતો.

અમદાવાદની પ્રથમ છાપ હજી ચિત્તપટ ઉપરથી ખસી નથી. રસ્તાઓ પર લોકોની ભારે અવરજવર, રાહદારીઓને ટ્રનટ્રન અવાજથી ચેતવતી એ વખતની ઘોડાગાડીઓ, બરફની મોટીમોટી શિલાઓ, કાપેલાં લાલલાલ તડબૂચ પર બણબણતી માખો, ગટરોની હાડકાંના મજ્જારસ સુધી પ્રવેશી જતી દુર્ગંધ, ફ્રોક પહેરેલી છોકરીઓ, સુંદર સુઘડ વેશભૂષામાં સજ્જ સ્રીઓ, વહેલે પરોઢિયે એકમેકની હરીફાઈએ ચઢ્યા હોય તેમ વાગ્યે જતા મિલના પાવાઓ, – આ બધું ખૂબ નવું નવું લાગતું.

ત્રીજી વાર આવ્યો તે મૅટ્રિકવર્ગમાં દાખલ થવા, મોટા ભાઈ સાથે.

જ્ઞાતિના એક છાત્રાલયમાં અમે બંને ભાઈ રહેતા. એક પોળમાં ત્રીજે માળે ત્રણ ઓરડીઓ હતી. દાદર અમારી ઓરડીમાં એટલે અવરજવર, ગપાટા, બધું આખો વખત ચાલે. નેતાઓ વધારે હતા, એટલે દાદર કોઈ વાળે નહીં. કોઈ કોઈ વાર અમે બે-ત્રણ જણા વાળતા. જાજરૂ એક ફર્લાંગ દૂર રસોડું હતું ત્યાં એટલે બધા જાહેર મુતરડીનો ઉપયોગ કરતા. પીવના પાણીની વ્યવસ્થા છાત્રો કરી શકત, પણ કરે તો ને? ૧૯૨૭ની સાલમાં અતિવૃષ્ટિ થઈ. રાતે સૂતા હોઈએ અને આસપાસ



મકાનોના પડવાનો અવાજ સંભળાય. અમારું મકાન પણ એ... પડ્યું એ...પડ્યું એવી ધાસ્તી સાથે અમે વીસેક જીવો જાગતા-ઊંઘતા, ઊંઘતા-જાગતા પડી રહેતા.

ખાવાનું મહિને પાંચ રૂપિયામાં મળી શકે એવું હતું. દૂધ પીરસવાના પાત્રમાં એટલા બધા ગોબા હતા કે એને ઊંધું કરીને ભરવાથી કદાચ એમાં વધુ પ્રવાહી સમાય.

સહછાત્રોની સલાહથી દરિયાપુર એ. જી. ચેરિટીઝમાં અરજી કરવાથી મને શાળાની અડધી ફીની ત્રણેક રૂપિયાની મદદ મળી હતી. દર મહિને તે લેવા હું જતો ત્યારે એમ લાગતું કે જાણે રસ્તે બંને બાજુ લોકો ઊભા છે અને મને જતો જોઈ રહ્યા છે. વરસો પછી એ ચેરિટીઝના છાત્રાલયમાં એક તેજસ્વી વિદ્યાર્થી મને વાર્તાલાપ માટે તેડી ગયો ત્યારે એમની આગળ આ વાત મેં કરી હતી અને દાનની મદદથી ભણતા એ સૌ વિદ્યાર્થીભાઈઓને વિનંતી કરી હતી કે તમે જરીકે તેજોભંગ અનુભવશો નહીં. બીજા વિદ્યાર્થીઓને એમનાં માવતર પોષે છે [તેથી] તે પણ પોતે તો નિરાધાર છે. તમને સમાજ પોષે છે એમાં શો વાંધો છે? માત્ર જે મદદ  અત્યારે તમે પામો છો તે સમાજ ખાતે, ભારતમાતા ખાતે જમા કરજો અને આગળ જતાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ભરપાઈ કરજો. પછી તમારો તે જોવધ થવાનું જરીકે કારણ રહેશે નહીં.

મેં શાળા મોટા ભાઈ જતા તે કરતાં જુદી પસંદ કરેલી – પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ. એના હેડમાસ્તર દીવાનસાહેબ અને પ્રિન્સિપાલ બલુભાઈ. અજબ શિક્ષકબેલડી. પંદર દિવસની અંદર બલુભાઈએ મને ઑફિસમાં મળવા બોલાવ્યો. શી    રીતે બોલાવ્યો હશે, મને ખબર પડી નથી. મને કહે, તારે કાંઈ પણ મુશ્કેલી હોય, મદદની જરૂર હોય, તો મને કહેજે. પછી પૂછીપૂછીને બધી વીગતો જાણી લીધી. બાકીની અડધી ફી એમને ઘેર જઈને મારે લઈ આવવી એમ એમણે જણાવ્યું. જોરથી ચાલતા પંખા નીચે ઉઘાડે ડિલે એ બેઠા હોય. સ્ફૂર્તિથી ઊઠે, ચીપીચીપીને ગણીને રૂપિયા હાથમાં મૂકે. એમની આ રીત બહુ વિચારપૂર્વકની હતી, પેલા વિદ્યાર્થી સાથે એમનો સીધો સંપર્ક આ રીતે રહેતો અને વર્ગમાં બીજા સૌ વિદ્યાર્થીઓની જેમ જ એ ફી આપી શકતો.

પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ દરિયા જેવી લાગતી. હું ચોથા-ડી-વર્ગમાં હતો. મનમાં હું બરોબર સમજતો કે ઈડરના નવ વિદ્યાર્થીના નાનકડા વર્ગનો હું પહેલો નંબર, પણ અહીં તો એવા કેટલીયે શાળાઓના પહેલા નંબરો હશે. છમાસિક પરીક્ષાએ મને ઉઘાડો પાડ્યો. ગણિતમાં દોઢસોમાંથી ૯૫ ગુણ સૌથી વધુ હતા. કોના છે, શોધાશોધ થઈ. ડી-વર્ગમાં કોઈના છે એમ વાત આવી. મારા નીકળ્યા.

વિદ્યાર્થીઓ કે શિક્ષકો કોઈ માની ન શક્યા. ભૂગોળના શિક્ષકે નામ કહ્યું, મને જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. પણ વાંક એ અમારા શિક્ષકોનો હતો. ગણિતના શિક્ષક આળસુના પીર, પાટિયા પાસે જઈ અક્ષર માંડતાં એમને કષ્ટ પડે, પણ ધીમે ધીમે એક પછી એક પગથિયાં બોલતા જાય. ગણિત જેવા કઠિન ગણાતા વિષયનું એટલું સ્પષ્ટ સુરેખ નિરૂપણ મેં જોયું નથી. એ આખા વરસમાં ગણિતની ચોપડીઓને મેં હાથ અડાડ્યો નથી, એમની સિદ્ધાંતો સમજાવવાની રીત જ મારે માટે બસ હતી. ભૂગોળના વિદ્વાન પાટિયા પર લીટીઓથી ચોરસ પાડી એશિયાનો વિશાળ નકશો કેમ દોરવો તે સુંદર રીતે સમજાવે. વિષયમાં લીન થઈને શીખવે. મારું પરિણામ એ શિક્ષકોની શીખવવાની રીતને આભારી હતું.

વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી થઈ ત્યારે દીવાનસાહેબે ડી-વર્ગનો વારો આવતાં કહ્યું. ડી-માંથી અમુક વિદ્યાર્થી દરેક વિષયમાં નહીં, પણ વિષયના બંને વિભાગમાં પણ એ પહેલો છે. બધાએ ઊભા થવા પોકારો કર્યા. જમીન માગ આપે તો સારું એમ મને થયાં કરે.

મૅટ્રિકની પરીક્ષાને આગલે દિવસે દીવાનસાહેબે આશીર્વાદ આપ્યા; તું જો માંદો નહીં પડે તો આખી મુંબઈ યુનિવર્સિટીમાં નહીં તો કેન્દ્રમાં તો પહેલો અવશ્ય હોઈશ.

કેન્દ્રમાં હું પહેલો આવ્યો પણ ખરો, એકબે વિષયમાં મારી શાળાના વિદ્યાર્થીઓના જ મારાથી વધુ ગુણ હતા. એ વરસે મુંબઈ યુનિવર્સિટીમાં અમદાવાદના પાંચેક વિદ્યાર્થીઓ પહેલા દસની અંદર હતા. મેં મિત્રને કહેલું કે ઊંચો નંબર આવશે. આત્મવિશ્વાસમાં ઊણપ ન હતી. પણ સાથે મૂંઝવણની-સંકોચની લાગણી પણ ઘણી. નોંધારા થવાની, એક્સ્પોઝ થવાની મને ભારે અમૂંઝણ. હું આર્થિક ચિંતા વગર આગળ ભણી શકું એટલા ખાતર આટલા બધા સારા વિદ્યાર્થીઓ વચ્ચે ઊંચો નંબર મળ્યો એમ હું અર્થ ઘટાવતો.

આ વરસમાં કવિતાની લગની પર તો લગામ જ લગાવી દીધી હતી અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓએ કરેલા અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંનાં કાવ્યોના ગુજરાતી પદ્ય-અનુવાદની પુસ્તિકા મેં જોઈ ત્યારે મારા કવિ થવાના કોડની શીય દશા થઈ ! હું તો હજી એ અંગ્રેજી કાવ્યોના કેફમાંથી જાગ્યો ન હતો.

કૉલેજનાં બે વરસ અંગે એટલું જ કહેવું છે કે કૉલેજમાં પ્રવેશતાં જ મારો રસનો વિષય બદલાઈ ગયો. ભણવું એ મારો રસનો વિષય કદાચ ન હતો. સાહિત્યકળા અને મુક્ત જીવન એનું ચુંબકત્વ મુખ્ય હતું. એ બંને વસ્તુની તાલીમ તે સમયના વાતાવરણમાંથી મબલક મળે એમ હતી.

મને એવું જણાયું છે કે મૅટ્રિક સુધી સારી રીતે આગળ રહેનારામાંથી કેટલાક કૉલેજમાં એ જ રીતે ટકી રહેતા નથી અને કેટલાક પાછળ હોય છે તેવાઓ આગળ આવી શકે છે. મારી બીજી શક્તિઓ પાંગરતી હતી, પણ મારો એવો અંદાજ છે કે કૉલેજનાં વરસોમાં અભ્યાસમાં હું આગળ રહી શકું એવું હતું નહીં. એને માટેની શિસ્તબદ્ધતા કેળવવાને બદલે હું શબ્દકળા અને બૃહત જીવનના ગગનમાં પાંખો ફફડાવવા કરતો હતો. અભ્યાસવૃત્તિ મેં ભણી ઊતર્યા પછી ધીમે ધીમે કંઈક ખેડી છે.

સાયમન કમિશન ઊતર્યું તે દિવસે અમે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં ન બેઠા અને ફરી પરીક્ષા લેવાઈ તેનો પણ બહિષ્કાર કર્યો અને દેશજાણીતી મોટી હડતાલ પડી. ૧૯૨૯-૩૦નું આખું વરસ તો રાષ્ટ્રીય આંદોલનોની અનેક ઉત્તેજનાઓમાં પસાર થયું. લડત આવે છે એ તૈયારીમાં રોજ નદીમાં જઈ સવારસાંજ એકેક કલાક તરતો. દાંડીકૂચનો દિવસ આવ્યો, આગલી રાતે અમે કેટલાક મિત્રો આશ્રમદ્વાર આગળ જાગરણ કરતા રહ્યા. એક મિત્રે કહ્યું : હજી તું પરીક્ષા આપીશ? દાંડીના દરિયાકિનારે પહોંચીને ગાંધીજી સત્યાગ્રહ કરે તે પહેલાં મારી પરીક્ષા હતી. મેં કહ્યું : કૂચમાં દાખલ કરતા હોય તો હમણાં છોડી દઉં. પરીક્ષા આપતાં આપતાં રણશિંગું સંભળાશે તો વચ્ચેથી ઊઠી જઈ સેનામાં દાખલ થઈશ.

સત્યાગ્રહી સૈનિક તરીકે નામ નોંધાવ્યું.

એક મુશ્કેલી મોટી હતી. ઘરનાં લોકોની અનુમતિની. ગામડેથી એક વડીલ ભાઈ આવ્યા. પરસ્પરને અમે સમજાવી ન શક્યા. પિતાજી આવ્યા. એમની આજ્ઞા ઉલ્લંઘવાનું મન ન થાય એવા પ્રેમ અને આદરનું એ ભાજન હતા. સાંજે એમને આશ્રમ-વિદ્યાપીઠ જોવા લઈ ગયો. રસ્તામાં આચાર્ય કૃપાલાનીજીનાં દર્શન થયાં. તેઓ બે દિવસ રહ્યા. એક શબ્દ પણ ન બોલ્યા. બીજે દિવસે સાંજે કહે : કાલે સવારે હું જઈશ. તારે સત્યાગ્રહમાં જોડાવું જ છે? મારી ઇચ્છા છે એ જાણ્યા પછી કહે : તો કાલે મારી સાથે ચાલ, તારી બાને મળવા. મેં જરી સંકોચથી કહ્યું : તો સહેજ મુશ્કેલી નહીં થાય પાછા આવવામાં? મહાનુભાવ પિતાજીએ કહ્યું : તું પાછો આવી શકે એ મારે જોવાનું.

રસ્તે બસ ખોટકાઈ એટલે છેક સાંજ પડ્યે અમે ઘેર પહોંચ્યા. બીજે દિવસે વહેલી સવારે તો, પોતે ટિકિટ કઢાવીને, બસમાં મને બેસાડી દીધો.

ઘર, કુટુંબ, જાતનો વિકાસ એ બધાથી ઉપર ઊંચકતી કશીક અભીપ્સા ગામડાના એક ગભરુ તરુણને ખેંચતી હતી. મહાનગર અમદાવાદ પાસેથી, પાછળથી પણ ઘણુંઘણું મળ્યું છે, પણ સમાજચેતના સાથે મારી યુવા-ચેતનાને જોડી દીધી એ એનો સૌથી મોટો ઉપકાર છે. એ આંદોલન કેવળ રાષ્ટ્રીય ન હતું; આધ્યાત્મિક પણ હતું. તેથી લાગતું કે વિશ્વના કેન્દ્રમાં જે શક્તિ-પુરવઠો છે તેની જોડે ભાવનાથી જાણે કે સંધાન થયું ન હોય.

પછીની આયુષ્ય-કથા એ તો એ સંધાનનો લાભ વાસ્તવમાં પૂરો લેવાયો કે નહીં તેની કથની જ બની રહે છે.

૧૦-૯-૧૯૭૦

[એમના પુસ્તક થોડુંક અંગત, ૧૯૯૯(સંપા. સ્વાતિ જોશી) તથા શ્રેષ્ઠ ઉમાશંકર-માંથી]



ગુજ. યુનિવર્સિટીના કુલપતિ તરીકે યુનિ. ક્રિકેટમેચના ઉદ્‌ઘાટન-પ્રસંગે
ઉમાશંકર જોશીની એક લાક્ષણિક તસવીર

# પ્રવાસ



# ઇંગ્લંડમાં પ્રવાસ(૧૮૬૬)

## કરસનદાસ મૂળજી

કરસનદાસ મૂળજી(૧૮૩૨-૧૮૭૧)નું આ પુસ્તક આજથી ૧૫૦ વર્ષ પહેલાં લખાયેલું. ઇંગ્લૅંડનાં અનેક રંગીન ફોટો-ચિત્રોથી પણ એ સમૃદ્ધ હતું. નોકરી માટે ઇંગ્લૅંડ ગયેલા કરસનદાસને પાછા આવ્યા બાદ, એ જમાનામાં ન્યાતબહાર મુકાવું પડેલું પણ આ ટેકીલા માણસે ન્યાતમાં પાછા આવવા કોઈ પ્રાયશ્ચિત્ત ન કરેલું! હિંમતવાન સુધારક પત્રકાર કરસનદાસ એ સમયના એક ભ્રષ્ટ ધર્મ-સત્તાધીશ જદુનાથ મહારાજનાં કૌભાંડો સામેનો કેસ જીતી ગયેલા.

૩૦૦ જેટલાં પાનાંના આ પુસ્તકની બીજી આવૃત્તિ(૨૦૦૧)માંથી, બે નાના પણ મહત્ત્વના અંશો અહીં લીધા છે – એમાં પ્રવાસીનો આનંદ અને વિચારકનાં નિરીક્ષણો રસપ્રદ છે.

–સંપાદક

### ૧. પારિસ

તા.૬ઠી એપ્રિલની સવારના અમે પારિસ જઈ પોંહોંચ્યા. આ:હા!! હું તેના શું વખાણ કરૂં ! એવી સુંદર અને ખુબસુરત નગરી કોઈ દુનિયામાં નથી. પારિસ વિષે મેં વાંચ્યું હતું કે એના જેવું સોહામણું શેહેર બીજું એકે નથી. માર્સેલ્સ જોઇ એ વિષે મેં કંઈ ખ્યાલ બાંધ્યો હતો; પણ જોવામાં અને સાંભળવામાં કેટલો બધો તફાવત છે? ખાવાની હરએક ચીજ ચાખ્યા વિના માત્ર જોવાથી તેનો સ્વાદ માલમ પડી શકતો નથી; તેમજ જોવાની હરએક વસ્તુ જોયા વગર માત્ર સાંભળવાથી તેની ખરી ખૂબી કદી માલમ પડી શકનાર નથી.

હું ખરૂં કહું કે મારી નજર છક્ક થઈ ગઈ. એક અંધારી ઓરડીમાંથી નીકળીને સૂરજના તડકા સામું જોતાં આંખ જેમ અંજાઈ જાય છે તેમ મારી આંખ અંજાઈ ગઈ. આપણા કવિઓએ ઇંદ્રપુરી અથવા દ્વારિકાપુરીનું વર્ણન કર્યું છે, પણ તેઓએ આ પારિસ જોયું હોત તો તેનું વર્ણન તેઓ વધારે સારી રીતે કરી શકત. થોડીવાર મારી શુદ્ધ કે બુદ્ધ ઠેકાણે રહી નહીં. જરા જરામાં મને સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટો; હું ઊંઘમાં છઉં કે જાગૃત; આ દુનિયામાં છઉં કે બીજી દુનિયામાં; આ નગરી માણસની છે કે દેવતાઓની ? આવી રીતે કેટલીકવાર મનમાં થયાં કર્યું. અંતે ચોકસ થયું કે હું મારી શુદ્ધમાં છઉં અને ખરેખર હું એક મહા સુંદર અને સોહામણી નગરીમાં આવી પોંહોંચ્યો છઉં.

રેલવેમાંથી ઉતરી ગાડી કરીને અમે એક પ્રખ્યાત હૉટેલમાં ગયા... નાસ્તો-પાણી કર્યા પછી એક ભોમિયાને સાથે લઇ અમે આ ઉત્તમ નગરીમાં ફરવા નિકળ્યા.

કેટલાંએક ચૌટાંમાં મોટા મોટા ચોક છે. એવા ચોકને ફ્રેંચ લોક "પ્લાસ"નાં નામથી અને ઇંગ્રેજો "સ્કવેર"નાં નામથી ઓળખે છે. આવા ચોકમાં અહીં નાહાના ખુબસુરત બગીચા બનાવ્યા છે. એમાં ફુવારા ઉડે છે અને વચમાં ઉંચા સ્તંભ ચણી લીધા છે. સ્તંભ ઘણા ખુબસુરત છે અને તે ઉપર વિખ્યાત પુરૂષોનાં પુતળાં ઉભાં કર્યાં છે. કેટલાએક સ્તંભ ૧૫૦થી ૨૦૦ ફુટ ઉંચા છે આવા સ્તંભ અને ફુવારાથી ચોકનો દેખાવ ઘણો દીપી નિકળે છે. એવ ચોક ઠેકાણે ઠેકાણે છે. વેન્દોમ (vendome) નામના ચોકમાં સ્તંભ છે તે આસરે ૧૫૦ ફુટ ઉંચો હશે. બાસ્તીલ (Bastilie) નામના ચોકમાં જુલિયટ નામનો સ્તંભ છે તે વધારે ઉંચો છે. બીજા સ્તંભ પણ જુદાં જુદાં નામથી ઓળખાય છે.

પારિસમાં રસ્તાની રચના અને શોભા શિવાય બીજું જોવાનું બેસુમાર છે. થોડા દાહાડામાં શું જોઈએ અને શું નહીં !! સવારના ૯ વાગાથી રાતના ૧૨ વાગા સુધી ત્રણ દાહાડા અમે ફર ફર કર્યાં કર્યું. વચમાં ઠુંગો પાણી કરવાને જરા

વખત લેતા પણ જંપ વાળીને મુદલ બેસતા નહીં. આ પ્રમાણે અમે ત્રણ દાહાડા કર્યું અને તેટલી મુદતમાં અમારાથી જેટલું બન્યું તેટલું જોઈ લીધું. હું મુંબઈ પાછો આવ્યો ત્યારે પણ પારિસ થઈને આવ્યો અને બીજા બે દાહાડા ફર્યો પણ હજુ મન ધરાયું નથી. "પાછો જાઉં અને પારિસ જોઉં" એમ મનમાં ઘણી વાર થાય છે...

ફ્રેંચ લોક વિવેકપણાંમાં અને મિલનસારીમાં ઇંગ્રેજો કરતાં બહુ ચહડતા છે. બાહરની ભભકામાં પણ તેઓ ઇંગ્રેજ કરતાં ચહડે છે. તેઓ ઘણું કરીને તકલાદી સામાન વાપરે છે પણ તે ઘણો ભભકાદાર. તેઓ ઘણા મોજીલા અને શોખીલા છે. ઘણું કરીને તેઓ પોતાનાં ઘરમાં જમવા ખાવાનું રાખતા નથી. ઘણાખરા મધ્યમ સ્થિતિના અને ગરીબ લોક પોતપોતાને લાયકના અને ખરચમાં પોશાય તેવાં હૉટેલ અને રેસ્તોરામાં જ્યારે જોઈએ ત્યારે જમી આવે.

ફ્રેંચ લોક મુછ અને ટુંકી ડાઢી રાખે છે. અમે ઘણે ઠેકાણે ફરવા હરવા કે જોવા

જતાં પણ અમારો પોશાક જોઈને કે અમને પરદેશી જાણીને અમારૂં કોઈ અપમાન કરતું નહીં હતું. એક રાત્રે અમે એક હલાયદી ગાડીમાં જતા હતા અને એક છાકટો ફ્રેંચ ઑમ્નીબસ ઉપર બેસીને જતો હતો તે અમને જોઈને કંઈ મોટેથી બોલ્યો; પણ તરત તેને બીજા લોકોએ ધિક્કારી કાહાડ્યો.

o

## ૨. ઇંગ્લંડમાં : લોકોનો વિવેક તથા ચાલ

બોલવા ચાલવામાં, ખાવા પીવામાં, સણગાર સજવામાં, વસ્ત્ર પહેરવામાં, વાતચિત કરવામાં, મળવા કરવામાં, મિજલસ કે મેજબાનીમાં જવા આવવામાં, નાચ રંગ કરવામાં અને લગ્નનો સંબંધ બાંધવામાં તથા લગ્ન કરવાં કરાવવામાં – કેવો વિવેક રાખવો અને દેખાડવો – એ વિલાયતમાં સ્ત્રી તથા ગૃહસ્થે જરૂર જાણવું જોઈએ. એવા વિવેકને ઇંગ્રેજ લોકો "એટિકેટ" (Etiquette) કહે છે. એ "એટિકેટ" વિષે તથા ચાલ (એટલે રિવાજ) વિષે કેટલીએક જરૂરની વાત હું તમને આ પ્રકરણમાં જણાવવાની રજા લઉં છઉં.

ગૃહસ્થનાં લક્ષણ : જે માણસે ગૃહસ્થમાં ખપવું હોય તેનામાં ગૃહસ્થનાં લક્ષણ જોઈએ. વિલાયતમાં ગૃહસ્થનાં લક્ષણ કયાં કયાં ગણાય છે તે હું પ્રથમ જણાવું છઉં. ગૃહસ્થનું ઘર સ્વચ્છ એટલે જરાપણ કચરો કે ગંદકી વગરનું જોઈએ અને તેના બેસવા ઉઠવાનો ઓરડો નાહાનો હોય તો ચિંતા નહી પણ તે રૂડો ને શોભાયમાન હોવો જોઈએ. ગૃહસ્થમાં સભ્યતા વગેરે અનેક બાબદોમાં વિવેક જોઈએ.

એ ગૃહસ્થમાં સાધારણ અને ચાલુ બાબદોનું જ્ઞાન જોઈએ. પોતાની ભાષા શુદ્ધ બોલવા લખવાનું અને એકાદ બે પારકી ભાષાનું જરૂર જેટલું જ્ઞાન જોઈએ. તેને ઘોડે બેસતાં અને ઘોડો કુદાવતાં આવડતું જોઈએ. તાકીને બંદુક કે પિસ્તોલ ફોડતાં અથવા ઘોડે બેસી શિકાર કરતાં જાણવું જોઈએ. આ બધું હોય તોજ તેનામાં ગૃહસ્થનાં લક્ષણ છે એમ ગણાય.

આ બધાં લક્ષણ જે પુરુષમાં હોય તે છતાં તે પુરુષમાં તેની સાથે કેટલાંક અપલક્ષણ હોય તો તે ગૃહસ્થમાં ન ખપે. બે ચાર કે વધારે ગૃહસ્થની મંડળીમાં તમે બેઠા હો અને નાક કે કાન ખોતરવા માટે તેમાં આંગળી ખોસવી એ અપલક્ષણ ગણાય છે. તેમજ દાંત ખોતરવો કે શરીર ઘવડવું કે રૂમાલ આડો લીધા વગર મોટે અવાજે છિંક ખાવી તથા દેખાય તેવી રીતે નાકમાંથી લીંટ કાહાડવાં એ અપલક્ષણ કેહેવાય છે.

પેટમાંથી વા છોડવાની ટેવ સઉથી મોટું અને ભુંડું અપલક્ષણ ગણાય છે. તેમજ મોટે સાદે કોઈને બોલાવવો એ પણ અપલક્ષણ ગણાય છે. આપણા જે દેશીઓમાં આમાં ઘણીખરી ટેવ હોય તેઓએ ઇંગ્રેજ ગૃહસ્થની કે સ્ત્રીની મુલાકાત લેતાં અથવા તેની સાથે વાત કરતાં સાવચેત રેહેવું જોઈએ.આમાંનું કોઈ પણ અપલક્ષણ તમારામાં માલમ પડે તો તમે ગૃહસ્થની મંડળીને લાયક નથી એવો વિચાર તેને તરત આવશે.



# ગુજરાતી સામયિકો

પરિચય



## સામયિકો : ગુજરાતી ભાષામાં—




અત્યારે, હાલ, ગુજરાતી ભાષામાં સાહિત્ય વિશેનાં, ને કેટલાંક વિચારપત્રો મળીને ૩૦ ઉપરાંત સામયિકો ચાલે છે. – અને હા, એ બધ્ધાં જ ચાલે છે ! કેટલાંક સરખું ચાલે છે, કેટલાંક ધક્કો મારીએ ત્યારે ચાલે છે, કેટલાંક વળી બિલકુલ નિરાંતે ચાલે છે — નિયમિત રીતે મોડી પડતી લાંબા અંતરની ભારતીય ટ્રેનોની જેમ. (પહેલાંના જમાનામાં એને બાપુની ગાડી કહેતા– બાપુ એટલે તંત્રી !); કેટલાંક સામયિકો સંસ્થાઓના છત્ર નીચે ચાલે છે, કેટલાંક વગર છત્રીએ તડકો-વરસાદ ખમી લે છે; કેટલાંક ગ્રાહકો-દાતાઓ દ્વારા સમૃદ્ધ થઈને પછી જ ડગલું માંડે છે ; કેટલાંકને ખોટ ખાવાની ટેવ પડી ગઈ છે!

પરંતુ નાનું-મોટું, સારું-ઠીકાઠીક દરેક સામયિક છોગેદાર ને છટાદાર છે – પોતાની આગવી વિલક્ષણ મુદ્રા ધરાવે છે. તમે એને ૯૧ માર્ક્સ આપો કે ૧૯, who cares! – એ પોતાનામાં મસ્ત છે, સંસ્કૃતપ્રચુર રીતે કહેવું હોય તો નિજમાં નિમગ્ન છે (એટલે કે, ગમે ત્યારે ડૂબવાની શક્યતા છતાં તરવાની તાલાવેલીવાળાં છે!)

આટલાં બધાં સામયિકો – એમને લેખકો મળી રહે છે? હા, મળી રહે છે; કારણ કે ગુજરાત લેખકે સુખી છે! અને વાચકો ? આ બધું વાંચનારા પણ છે ખરા ? હશે જ વળી, એ સૌ ચાલે છે એટલે. સામગ્રી કરતાં શ્રદ્ધા હંમેશાં વધુ બળવાન હોય છે, સામયિકોની બાબતમાં.

ટપાલી સામયિક નાખી જાય ઘેર, એના ‘ટપ’ અવાજથી ગ્રાહક વાચક રોમાંચિત થાય છે, ને રૅપર ખોલીને તે પહેલાં તો એની સુગંધ લે છે. પણ, કાનમાં કહું ?– કોઈ કોઈ સામયિક ગ્રાહકને ઘરે પહોંચ્યા પછીય રૅપરમાંથી બહાર નીકળતાં નથી – અકબંધ રહે છે. જેનું જેવું નસીબ.

પરંતુ, આવું બધું તો હોય. તેમ છતાં સામયિક એટલે સામયિક – નવું, તાજું, આજનું, અબઘડીનું, – ઓવન ફ્રેશ! પહેલા પહેલા પ્યાર જેવું. ‘પ્રથમ પ્રેમ એટલે સામયિક; પછી લગ્નગ્રંથિ એટલે ગ્રંથ, પુસ્તક’– એવું કોઈ મહાન ચિંતક ન કહી ગયા હોય તો પણ એ સાચું છે.

*

તો આવો, આ બધાં સામયિકોનો પરિચય મેળવીએ.– સાદોસીધો પરિચય, ટીકા-ટિપ્પણ વગરનો. તમને જરૂર કામ આવશે. આમાંનાં થોડાંક તમારે ઘરે આવતાં થાય એવું કરજો. તો કિશોર વ્યાસનો ચીવટભર્યો પરિશ્રમ સાર્થક થશે.

ડૉ. કિશોર વ્યાસ ગુજરાતી સાહિત્ય-સામયિકોના ચિકિત્સક તબીબ છે.

– સંપાદક



અખંડ આનંદ
અર્થાત
એતદ્
કલાવિમર્શ
કવિતા
કવિલોક
કુમાર
ગઝલવિશ્વ
ગુર્જરી ડાયજેસ્ટ
જલારામદીપ
તથાપિ
તાદર્થ્ય
દલિતચેતના
ધબક
નવનીતસમર્પણ
નાટક
નિરીક્ષક
પરબ
પરિવેશ
પ્રત્યક્ષ
ફાર્બસસભા ત્રૈમાસિક
બુદ્ધિપ્રકાશ
ભૂમિપુત્ર
મોનોઈમેજ
રીતિ
વિ - વિદ્યાનગર
વિવિધાસંચાર
શબ્દસર
શબ્દસૃષ્ટિ
સન્ધિ
સમીપે
સાહચર્ય
હયાતી



# ગુજરાતી સાહિત્યનાં સામયિકો અને કેટલાંક વિચારપત્રો : સંપર્ક અને પરિચય

## કિશોર વ્યાસ

સામયિકોનો આ પરિચય અકારદિક્રમે – ‘અ’ થી ‘હ’ એવા ક્રમે –કરાવ્યો છે.

બધાં સામયિકોની યાદી બાજુમાં આપી છે. એમાંથી ક્રમશઃ થોડાંથોડાંની વાત કરીશું. – કિ.

### અખંડઆનંદ (માસિક) તંત્રી : આનંદભાઈ ન. અમીન

ભિક્ષુ અખંડાનંદ, ટ્રસ્ટ, આનંદ ભવન, બીજો માળ, રિલીફ રોડ.

અમદાવાદ – ૩૮૦ ૦૦૧. ફોન : 079-25357482

વાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦, છૂટક રૂા. ૨૫.

છેલ્લા છએક દાયકાથી ચાલી રહેલું આ સામયિક, મૂળે તો ભિક્ષુ અખંડાનંદના સદ્‌વાચન,સદ્‌વિચાર અને સદ્‌આચારના પ્રયોજનને કેન્દ્રમાં રાખીને, જીવનની ઊજળી બાજુઓને પ્રગટ કરતાં પ્રેરક લખાણો પ્રગટ કરે છે. એમાં આવતાં કવિતા, વાર્તા અને નિબંધો વ્યાપક જનસમાજને આવરીલે છે.

### અર્થાત(ત્રૈમાસિક) : અર્જુન પટેલ, કિરણ દેસાઈ

સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, વીર નર્મદ દ.ગુજ. યુનિ., સુરત ૩૯૫૦૦૭

ફોન 0261-2227173 email : info@css.ac.in

સમાજવિજ્ઞાન વિષયના વૈચારિક, સંશોધનાત્મક લેખો, સમીક્ષાઓ તથા ગુજરાતના સમાજને લગતા અભ્યાસો આ સામયિક પ્રગટ કરે છે

### એતદ્ (ત્રૈમાસિક) – સંપાદક : કમલ વોરા અને નૌશિલ મહેતા

કમલ વોરા, એ-૪૦૩, પારસનાથ, સુધાપાર્ક, શાંતિ પથ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

ફોન : 0-98198 20286 e-mail : etadindia@gmail.com

૧૯૭૭થી સુરેશ જોષીએ મિત્રો સાથે આ સામયિકનો આરંભ કર્યો હતો. જયંત પારેખ, શિરીષ પંચાલ, અને નીતિન મહેતા જેવા સંપાદકોએ એતદ્‌નું ઘડતર કરેલું. તમામ સાહિત્ય-સ્વરૂપોનો સમાવેશ કરતું આ સામયિક અનુઆધુનિક ગાળાની મહત્ત્વની કવિતા, વાર્તા અને સંશોધનાત્મક લખાણો પ્રગટ કરી રહ્યું છે.

## કલાવિમર્શ ( ત્રૈમાસિક ) : તંત્રી વિનાયક રાવલ

પ્રકા. રન્નાદે પ્રકાશન, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦૦૦૧

ફોન 079-22110081 e-mail : rannade_2002@yahoo.com

વાર્ષિક લવાજમ રૂ.૫૦૦

લોકકલા/વાઙ્મય, નાટક, સંગીત, સાહિત્ય, ચિત્ર,શિલ્પ, ફિલ્મ વગેરે વિષે સચિત્ર લેખો પ્રગટ કરતું ને આર્ટ પેપર પર ચાર રંગમાં છપાતું આ સામયિક એક વર્ષથી ચાલે છે.

## કવિતા (દ્વિમાસિક)–સંપાદક : રમેશ પુરોહિત

જન્મભૂમિભવન, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧, ફોન : ૦૨૨–૨૨૮૭ ૦૮૩૧.

e-mail : jbhoomi@yahoo.com website : www.janmbhoomi. newspapers.com

વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સુરેશ દલાલના તંત્રીપદે વર્ષોથી ચાલતું, ખૂબ લોકપ્રિય અને કવિપ્રિય થયેલું કેવળ કવિતાનું સામયિક. કાવ્યોને ક્યારેક કવિઓના હસ્તાક્ષરમાં ને સુંદર મુદ્રણઘાટમાં પ્રકાશિત કરવાની સાજસજ્જાને કારણે એ આકર્ષક બન્યું છે. કવિઓની તસવીરો, કાવ્યસંગ્રહોની નોંધ, વિશિષ્ટ કવિતાઓના વિશેષાંકો આ સામયિકે પ્રકાશિત કર્યા છે.

## કવિલોક (દ્વિમાસિક)– તંત્રી : ધીરુ પરીખ

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ – ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૪૩૭૪૫

e-mail : kumartrust@gmail.com

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦. છૂટક : રૂા. ૩૦.

૧૯૫૭ના જાન્યુ. માં કવિશ્રી રાજેન્દ્ર શાહ અને અન્ય કવિમિત્રોએ આરંભેલું આ સામયિક નવા રૂપરંગ સાથે કવિતાના ઋતુપત્રની ઓળખ આપે છે. નવી કાવ્યકૃતિઓનું પ્રકાશન, કાવ્ય-વિવેચન, કાવ્યના અનુવાદો અને આસ્વાદનોંધ એમાં પ્રકાશિત થાય છે એ ઉપરાંત તરતમાં પ્રકાશિત થયેલા કાવ્યસંગ્રહોનું અવલોકન પણ એમાં પ્રસિદ્ધ થાય છે. આ સામયિકમાં ચારપાંચ કવિપેઢીનું પ્રતિનિધિત્વ જોવા મળે છે.

## કુમાર (માસિક) તંત્રી : ધીરુ પરીખ

કુમાર ટ્રસ્ટ, (વિગતો ‘કવિલોક’ મુજબ)

વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦.

રવિશંકર રાવળે ઈ ૧૯૨૪માં શરૂ કરેલું અને બચુભાઈ રાવતે સાહિત્ય, ચિત્રકળા અને મુદ્રણકળાથી વિશિષ્ટ કરેલુ ‘આવતી કાલનાં નાગરિકો’ માટેના સામયિક લેખે પ્રતિષ્ઠા પામ્યું હતું આજે પુરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ન સામયિકની ઓળખ ધરાવે છે. કાવ્યો, કળાકારો વિશેના લેખો, પ્રેરક રમતજગત, વિજ્ઞાન ,બાળવિભાગ એવા અનેક વિભાગોમાં એની સામગ્રી પ્રકાશિત થાય છે. સર્વલક્ષીતા અને સર્વગમ્યતા ‘કુમાર’ની વિશેષતા છે.

### ગઝલવિશ્વ (ત્રૈમાસિક) – સંપાદક : રાજેશ વ્યાસ 'મિસ્કીન'

'વલી ગુજરાતી ગઝલ કેન્દ્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર, ગુલાબ ઉદ્યાન સામે સેક્ટર–૧૭,

ગાંધીનગર – ૩૮૨ ૦૧૭. ફોન : 079-23256797-98

વાર્ષિક લવાજમ : રૂા. ૪૦.

એમાં તાજેતરની ગઝલ રચનાઓ પ્રગટ થાય છે. આ લોકપ્રિય કાવ્યસ્વરૂપ પરત્વે સર્જકો-વાચકોની જિજ્ઞાસાને સંકોરવાનો એ યત્ન કરે છે. ગઝલ-આસ્વાદ-વિવેચન, મુલાકાતો અને ગઝલના કાવ્યસંગ્રહોની સમીક્ષા એમાં જોવા મળે છે.

### ગુર્જરી ડાયજેસ્ટ (ત્રૈમાસિક) – સંપાદક : કિશોર દેસાઈ

Gurjari Publication,Inc. 130, Lattice Lane, College Ville,PA 19426 ph. 610-454-7803

e-mail : gurjaridigest@gmail.com

ડાયસ્પોરા ગુજરાતી સાહિત્યનું આ સામયિક ફિલાડેલ્ફીઆમાંથી ૨૫ વર્ષથી પ્રગટ થાય છે. એમાં વિદેશવાસી લેખકોની, સર્વ સ્વરૂપોની રચનાઓ ઉપરાંત મહત્ત્વના સાહિત્ય-સમાચારો પ્રકાશિત થાય છે. સંપાદકીય લેખમાં સાહિત્યિક પ્રશ્નો-પ્રસંગોની ચર્ચા હોય છે.

### જલારામ દીપ (માસિક) તંત્રી – સતીશ ડણાક

શ્રીરામ પ્રકાશન, ૭, જલારામ ચેમ્બર્સ, જલારામ માર્ગ, કારેલીબાગ, વડોદરા, ૩૯૦૦૧૮

ફોન : 0265-2464797 મો. 9925161364

e-mail : jalaramdeep@sify.com

લવાજમ રૂા.૩૫૧

આ જીવનલક્ષી સામયિકમાં પ્રેરણાત્મક તથા વિચારપ્રધાન લખાણો પ્રકાશિત થાય છે. એ સાથે વાર્તાસ્વરૂપને આરાધવાનો પ્રયત્ન પણ છે. યુવા વાર્તાકારો એમાં દેખા દે છે. વાર્તા-વિશષાંકો પણ થાય છે.

### તથાપિ (ત્રૈમસિક) – સંપાદક : જયેશ ભોગાયતા

એ-૯, પાર્થ પાર્ક, રાણેશ્વર મંદિર પાછળ, વાસણા રોડ, વડોદરા – ૩૯૦ ૦૧૨.

ફોન : 0265 2252211

e-mail : tathapi2005@yahoo.com

વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦.

સર્વ સાહિત્યસ્વરૂપોની કૃતિઓને પ્રકાશિત કરતું આ સામયિક છેલ્લાં છ વર્ષથી ચાલે છે. સંશોધન-અભ્યાસો અને વિવેચનલેખો વિશેષ પ્રમાણમાં પ્રગટ કરવાનું એનું ધ્યેય છે. એનાં મુખપૃષ્ઠો પર જાણીતા ચિત્રકારોની  કૃતિઓ જોવા મળે છે.

### તાદર્થ્ય (માસિક) – તંત્રી : સવિતા ઓઝા

એમ-૨૯-૨૪૯, વિદ્યાનગર ફ્લેટ્સ, હિંમતલાલ પાર્ક પાસે, આંબાવાડી, અમદાવાદ – ૩૮૦ ૦૧૫.

ફોન : 079-26745793, વાર્ષિક લવાજમ : રૂા ૧૦૦

સાહિત્યનાં તમામ સ્વરૂપોને પ્રગટ કરતું આ સામયિક સદ્ગત મફત ઓઝાએ શરૂ કરેલું. આજે એમની પુત્રી પૂર્વી ઓઝા એનું સંચાલન કરે છે. સર્જનાત્મક સ્વરૂપો અને વિવેચન તેમજ એની ચર્ચાઓ પ્રસિદ્ધ કરતું આ સામયિક ઘણાં વર્ષોથી પ્રગટ થાય છે.

### દલિતચેતના (માસિક) – તંત્રી : મનોજ પરમાર

એ-૨૫, પરિમલ સોસાયટી, કીર્તિધામ તીર્થ પાછળ, ચાંદખેડા – ૩૮૨ ૪૨૪ (જિ. ગાંધીનગર)

મોબાઈલ : ૯૯૨૪૩૭૪૬૫૬

e-mail : manojparmar1977@gmail.com

વાર્ષિક લવાજમ: રૂા. ૧૫૦, છૂટક : રૂ.૧૫

દલિત વિકાસ વિષયનાં અભ્યાસલખાણો તથા સાહિત્ય, શિક્ષણ અને સમાજલક્ષી લેખો પ્રગટ કરતું આ સામયિક ૭ વર્ષથી પ્રગટ થાય છે. દરેક વર્ષની ઉત્તમ કવિતા, વાર્તાઓને પુરસ્કારવાનું એનું વલણ છે.

### ધબક (ત્રૈમાસિક) – સંપાદક : રશીદ મીર

૧૫૫,સબીના પાર્ક, આજવા રોડ, વડોદરા, ૩૯૦૦૧૯

મોબાઈલ : 94273 01555,

e-mail : ghazalsabha@gmail.com

ગઝલ-સ્વરૂપકેન્દ્રી સામયિક. કવિઓના ફોટોગ્રાફ સાથે ગઝલકૃતિઓ તથા ગઝલના સ્વરૂપ અંગેના અભ્યાસ-સંશોધનલેખો તેમજ નવા ગઝલસંગ્રહોનાં અવલોકનો આ સામયિકમાં જોવા મળે છે. મુશાયરાઓની નોંધ પણ એમાં વિગતે લેવાય છે.

### નવનીતસમર્પણ (માસિક) – સંપાદક : દીપક દોશી

ભારતીય વિદ્યાભવન, કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

ફોન : 2363 44 62 - 63 - 64

e-mail : deepsamarpan@yahoo.com

લવાજમ : વાર્ષિક : રૂા. ૨૨૦.

આ સામયિક કનૈયાલાલ મુનશીએ સ્થાપેલી ભારતીય વિદ્યાભવન સંસ્થાનું મુખપત્ર પણ છે. પૂર્વ-સંપાદક સદ્ગત વાર્તાકાર ઘનશ્યામ દેસાઈના તપથી પ્રતિષ્ઠિત થયેલું આ સામયિક કાવ્યો, વાર્તાઓ, ધારાવાહી નવલકથાઓ જેવી કૃતિઓ, જીવનલક્ષી નિબંધો, ચરિત્રો, સંગીત, ચિત્રકળા, શિલ્પકળાના લેખો પ્રગટ કરે છે. હવે મુખ્યત્વે જીવનલક્ષી સામગ્રીને પ્રગટ કરવાનું એનું વલણ છે.

(ક્રમશઃ)



દુર્ગાની આકૃતિ આળેખતી મિથિલાની સ્ત્રી — છબીકાર: **જ્યોતિ ભટ્ટ**

# આવરણચિત્ર : આસ્વાદનોંધ

-પીયૂષ ઠક્કર

છબીનું શીર્ષક: દુર્ગા - દુર્ગાની આકૃતિ આળેખતી મિથિલાની સ્ત્રી

છબીકાર: જ્યોતિ ભટ્ટ (જ. ૧૯૩૪, ભાવનગર)

વર્ષ: ૧૯૭૭

‘પરબ’ના આવરણ પર મૂકવામાં આવેલી કૃતિના છબીકાર છે જ્યોતિ ભટ્ટ. એમણે લીધેલી અસંખ્ય છબીઓમાંથી પસંદગીની સવા બસો છબીઓનું સુરુચિપૂર્ણ સંપાદન છબીકાર વિવેક દેસાઈએ તાજેતરમાં જ ગ્રંથરૂપે પ્રકાશિત કર્યું છે. પ્રસ્તુત કૃતિ એ છબીગ્રંથમાંથી લેવામાં આવી છે. કોફીટેબલ બુકના કદ-આકારનો આ છબીગ્રંથ છે. કલાગુરુ કે. જી. સુબ્રહમણ્યન્‌ની મનનીય પ્રસ્તાવના સાથે છબીકારની કેફીયત પણ એમાં મૂકવામાં આવી છે. શ્વેત-શ્યામ અને રંગીન છબીઓનું વિષય અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

જ્યોતિ ભટ્ટનું નામ ચિત્રકલા, છાપકલા અને છબીકલા ક્ષેત્રે સુખ્યાત છે. છબીકાર તરીકે ભારતના ભાતીગળ લોકજીવન, લોકકળા, લોકોત્સવ અને હસ્ત-કૌશલ્યના દસ્તાવેજીકરણમાં એમણે ઉત્તમ કાર્ય કર્યું છે. તેમજ લોકજીવનનાં દૃશ્ય સંસ્કારોનો રચનાત્મક વિનિયોગ કરીને પોતાનાં ચિત્ર-સર્જનોમાં અભિવ્યક્તિની પોતીકી ને નોખી તરેહ નિપજાવી છે. વિકાસના નામે, વૈશ્વિકીકરણના નામે વ્યાપકપણે ચાલી રહેલી લોભામણી પરિવર્તનની પ્રક્રિયાઓ વચ્ચે જ્યોતિ ભટ્ટ જેવા કલાકારની ઉપસ્થિતિ અવગણવી આપણને પોસાય તેમ નથી.

વૈશ્વિકીકરણના પ્રભાવમાં વિલુપ્ત થઈ રહેલી લોકપરંપરાઓને છબીસ્વરૂપે નોંધી, પ્રદર્શિત અને પ્રકાશિત કરીને તેઓ આપણી વિકાસના નામે વકરેલી ઘેલછાને આજપર્યંત પ્રશ્નાંકિત કરતા રહ્યા છે. દૃશ્યકલા સંદર્ભે જોઈએ તો એકવિધ થતી જતી કલા-અભિવ્યક્તિઓની સામે પોતાના આ છબીસંગ્રહ દ્વારા અને પોતાની ચિત્રકૃતિઓ દ્વારા એમણે આપણી સમક્ષ કલાનાં વૈકલ્પિક સ્વરૂપો ધર્યાં છે, અને આપણા માટે લોકજીવન, તળજીવન અને શહેરીજીવનની લોકધર્મી તાસીરને નવેસરથી અંકે કરવા માટેની તક ઊભી કરી આપી છે.

પ્રસ્તુત નોંધમાં જ્યોતિ ભટ્ટના છબીસંગ્રહ પ્રકાશન નિમિત્તે એમની છબીકલાના ‘લોક’પક્ષ વિશે અને એના દસ્તાવેજી મૂલ્ય સંદર્ભે નિર્દેશ કરવાનો આશય છે. ઓગણીસસો સાઠની આસપાસ કલાગુરુ મણિ સર (કે. જી. સુબ્રમણ્યન) અને શિલ્પગુરુ શંખો ચૌધરીની પ્રેરણાથી આરંભાયેલી એમની છબીકલા-યાત્રા સાડા ત્રણ દાયકા દરમ્યાન નિરંતર ચાલે છે. છબીકાર-કલાકારમિત્રો ભૂપેન્દ્ર કારિયા અને રાઘવ કનેરિયાના સંગમાં તેઓ ગુજરાતના જ નહિ બલ્કે ભારતભરના ગ્રામીણ અને આદિવાસી અંચલોમાં રઝળપાટ કરીને ‘લોક’ની દૃશ્ય વિરાસતને નોંધતા ફરે છે. છબીકલા બાબતે પોતાના અભિગમને સ્પષ્ટ

કરતાં તેઓ લખે છે કે, "છબીકળાના ક્ષેત્રે સર્જનાત્મક, નિજી-અભિવ્યક્તિસહિત, વિવિધ પ્રકારનું ઘણું કામ થયું છે. પરંતુ અમે તો શક્ય ત્યાં સુધી લોક-આદિવાસી કલા-કૌશલ્યને કેન્દ્રસ્થાને રાખીને તેની તથા તેની સાથે સંલગ્ન વિગતોની નોંધ લેવા પૂરતો, કેમેરાનો મર્યાદિત વિનિયોગ કરવાનું જ પસંદ કર્યું છે. આનું એક કારણ એ કે સર્જનાત્મક નિજી અભિવ્યક્તિને પ્રાધાન્ય આપતી છબીકળા પર હાથ અજમાવવા સમયનું મહત્ત્વ પ્રમાણમાં નહિવત્ છે, એને આવતીકાલ પર ઠેલવાથી ખાસ કંઈ ખાટું-મોળું નથી થઈ જવાનું. પરંતુ લોક-આદિવાસી કલાક્ષેત્રે પ્રવર્તમાન ભયજનક - ચિંતા ઉપજાવતી પરિસ્થિતિને જોતાં એના દસ્તાવેજીકરણની અગત્ય તથા તાકીદ અમારી સમજ તથા લાગણીની દૃષ્ટિએ અનેકઘણી વધારે છે." 'લોક'દૃશ્ય-સામગ્રીની સાથોસાથ પ્રકૃતિના નિતનવાં રૂપોના અને આપ્તજનોના પણ છબીરૂપે એમણે અંકનો કર્યાં છે. પ્રસ્તુત છબીગ્રંથમાં કલારસિકોને આવા અનેક નયનરમ્ય ખંડ મળી રહે છે.

આ છબીશ્રેણીની વિશેષતા છબીકારના વૈજ્ઞાનિક (વસ્તુલક્ષી અભિગમથી વિશેષ), આડંબરહીન અને આત્મીય  અભિગમમાં સમાયેલી છે. વર્ણ-અવકાશની ચિત્રકારને સહજ એવી અહીં કોઠાસૂઝ જોવા મળે છે તો સંવેદનશીલ કલાકારને સહજ એવી સમગ્ર પરિવેશને (પ્રકૃતિ અને પુરુષને) એકરૂપ જોઈ શકવાની અહીં દૃષ્ટિ છે. એટલે જ લોકકલાની અહીં લેવાયેલી પ્રત્યેક છબીમાં સર્જક અને સર્જન વચ્ચે ભેદ નથી રહેતો.  સઘળું જોનારની દૃષ્ટિમાં લય પામે છે.

આવરણ પરની છબીમાં બિહારના મિથિલા પ્રદેશની એક ગ્રામીણ વૃદ્ધા ભીંત પર દુર્ગાનું ચિત્ર આળેખી રહી છે. છબીકારના શબ્દોમાં "મિથિલામાં રામાયણ, ભાગવત, શિવ તથા દેવીપુરાણ જેવી ધાર્મિક કથાઓ પર આધારિત ચિત્રો દોરવાની પ્રથા છે. ખૂબ જ વિગતો, બારીક રેખાઓ અને રંગોનો આ ચિત્રોમાં સમન્વય જોવા મળે છે." આ છબીમાં આપણા તરફ વૃદ્ધાનું 'પ્રોફાઇલ' છે, ને આપણા સમય સંદર્ભે જોઈએ તો ભીંત પર પ્રત્યાખ્યાન રૂપે ઊઘડતું એક ચિત્ર છે. છબીકારે વિષયના સાદગીભર્યા અંકનમાં વિચારવાજોગ ઘણું સંપડાવ્યું છે.

**છબીગ્રંથની વિગતો:**

THE INNER EYE &THE OUTER EYE: PHOTOGRAPHS BY JYOTI BHATT (2013)
EDITED BY VIVEK DESAI
PUBLISHED BY ART BOOK HUB, NAVJIVAN BLOCKS, OPP. SPORTS CLUB, STADIUM ROAD, AHMEDABAD - 380014.
EMAIL: sadhuvivek@gmail.com


<u>સંદર્ભસામગ્રી:</u>

ભટ્ટ, જ્યોતિ. ૧૯૮૫. દસ્તાવેજી છબીકળા. *સાયુજ્ય,* પૃ. ૮૧-૯૧.

ભટ્ટ, જ્યોતિ. ૧૯૯૧. જીવંત લોક-આદિવાસી કલાપ્રણાલીનું દસ્તાવેજીકરણ. ગદ્યપર્વ ૪(૩): ૧-૬.

ભટ્ટ, જ્યોતિ. ૧૯૯૬. છબીકલા. ગુલામમોહમ્મદ શેખ (સંપા.), *લલિતકળા દર્શન – ૨, દૃશ્યકળા,* પૃ. ૩૧૪ – ૩૨૪. વલ્લભવિદ્યાનગર : સરદાર પટેલ યુનિવર્સિટી.

ભટ્ટ, જ્યોતિ. ૧૯૯૬. ભારતીય લોકકળા. ગુલામમોહમ્મદ શેખ (સંપા) *લલિતકળા દર્શન – ૨ દૃશ્યકળા,* પૃ. ૧૧૪ – ૧૩૧. વલ્લભવિદ્યાનગર : સરદાર પટેલ યુનિવર્સિટી


છબીકારનું સરનામું: ૨૧ - A, ચરોતર સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૨૦. ટેલિફોન: ૦૨૬૫ - ૬૫૯૦૫૭૭

# આ અંકના લેખકોનો પરિચય

(એમનાં મુખ્ય પુસ્તકોના ઉલ્લેખ સાથે)

**હરીશ મીનાશ્રુ** (૩,જાન્યુ. ૧૯૫૩) : બાકરોલ (આણંદ).

કવિ, અનુવાદક, સંપાદક

ધ્રીબાંગસુંદર એણી પેર ડોલ્યા(૧૯૮૮), તાંબુલ(૨૦૦૦), ....(..).

02692-234787, 098245 11361

sumiran1953@yahoo.com

**કીર્તિકાન્ત પુરોહિત** (૧, ઑક્ટો. ૧૯૪૨) : વડોદરા

કવિ.

વળાંક પર (૨૦૦૫), ભીનાશના હસ્તાક્ષર (૨૦૦૫)

98791 14298

purohitkirtikant@gmail.com

**ગિરીશ ભટ્ટ** (૧૦ ઑક્ટો. ૧૯૩૯) : સુરેન્દ્રનગર

વાર્તા-નવલકથાકાર. કવિ

વસવસો(નવલ, ૨૦૦૦), લીલુંછમ(કવિતા, ૨૦૦૦), અત્તરગલી(વાર્તાઓ, ૨૦૧૨)

02752-225126

mansi10aug@yahoo.co.in

**પીયૂષ ઠક્કર** (૧૩-૧૨-૧૯૭૯) : ચિત્રકળાકાર, અધ્યાપક. વલ્લભવિદ્યાનગર

09726068447

piyushathakkar@gmail.com

**મધુ રાય** (૧૬ જુલાઇ ૧૯૪૨) : જર્સી સિટી

વાર્તા-નવલકથાકાર, નાટ્યકાર.

બાંશી નામની એક છોકરી (વાર્તાઓ, ૧૯૬૪),ચહેરા(નવલ.,.૧૯૬૬),

કોઈપણ એક ફૂલનું નામ બોલો તો(નાટક, ૧૯૬૮), કઉતુક (વાર્તાઓ, ૨૦૦૫)

201-792-6323

madhu.thaker@gmail.com

**રતિલાલ બોરીસાગર** (૩૧ ઑગ. ૧૯૩૮) : અમદાવાદ

હાસ્યલેખક. સંપાદક.

મરકમરક(હાસ્યનિબંધો,૧૯૭૭), ઍન્જો યગ્રાફી(હાસ્ય અનુભવકથા, ૧૯૯૭),

ભજ આનંદમ્ (હાસ્યનિબંધો,૨૦૦૭), અર્વાચીન ગુજરાતી હાસ્ય-રચનાઓ (સંપાદન,૨૦૦૩)

099251 11301

borisagarishan@yahoo.in

**કિશોર વ્યાસ** (૩, નવે. ૧૯૬૬) : કાલોલ

વિવેચક, સંશોધક

સંવિવાદનાં તેજવલયો (સામયિક-સંશોધન, ૨૦૦૦), વિકલ્પ (વિવેચન, ૨૦૦૮)

099247 35111

vyaskishore3@gmail.com

# પ્રકાશકીય

## -અને વાચકોના પ્રતિભાવો

હા. 'સંચયન'ના પ્રથમ અંકના પ્રતિભાવોના પડઘા હજી કાનમાં, ઈમેલમાં, ફોનમાં પડ્યા કરે છે. બહોળા વાચક વર્ગે બે ખુલ્લા હાથે 'સંચયન'ના પ્રાગટ્યને વધાવ્યું છે. બેએક વર્ષ પહેલાં એક એવું સ્વપ્ન સેવ્યું હતું કે ભલે આપણે ગુજરાત બહાર રહીએ પણ સરજાતી ગુજરાતી ભાષાનાં પરિચયમાં રહેવાય તેવું એક સામયિક હોય. અલપ-ઝલપ, અનિયમિત અને તૂટક-છૂટક લખાણો ઈન્ટરનેટના પડદામાંથી આંખોની હડફેટમાં આવ્યા કરે છે. પણ એથી કંઈ વાંચ્યાનો સંતોષ ન થાય. કોઈની બિન-અંગત, જાણકાર અને લાંબી નજરમાંથી ગળાઈને અર્થપૂર્ણ અને સમજી શકાય તેવું વાચન નિયમિત મળ્યા કરે તેવી એક ઈચ્છા જન્મી હતી. અને તેમાંથી 'સંચયન' પ્રગટ્યું.

તેમાં વળી આપણા જાણીતા સાહિત્ય-મર્મજ્ઞ રમણભાઈ સોનીનો સાથ મળ્યો. પહેલા જ અંકથી રમણભાઈનું ચયન સૌને ગમ્યું છે. રમણભાઈની પોતીકી આગવી ચીવટવાળી રુચિસમ્પન્નતામાંથી પસાર થયેલી તથા સમગ્ર ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાંથી પસાર થયા પછીની એક તટસ્થ દ્રષ્ટિપૂર્વકની સામગ્રી 'સંચયન'ને મળવાની છે. ઉત્તમ કૃતિઓના ચયનની સાથે સાથે તેમણે પહેલા જ સંપાદકીય લેખમાં, ભવિષ્યમાં આવનારા 'સંચયન' સામયિકના ચહેરાની એક ઝાંખી કરાવી આપી છે. સાંપ્રત સામયિકો અને આપણાથી સહેજ જ દૂરની ઉત્કૃષ્ટ કૃતિઓનું ચયન 'સંચયન'ની આગવી મુદ્રા છે. દર બે મહીને આપણી ઈમેલમાં સદાય અવનવાં લેખકો લઇ આવતું અને એકાધિક સર્જકો-વિચારકોના અવાજ આપણા કાન સુધી પહોંચાડવા આપણું મન આપણી જાણ બહાર જ તૈયાર થઈ ગયું છે.

વળી મુદ્રણને નડતી મુશ્કેલીઓ આ ઇ-મેગેઝીનને નડશે નહીં. અહીં પાનાં માટે બહુ સ્થળસંકોચ નથી. છૂટથી રુચિકર રંગોના અને નાજુક આકૃતિઓના ઉપયોગની શક્યતાઓ છે. કવિતામાંથી વાર્તામાં જતાં પૂર્વે આંખોને થોડો આરામ આપવા વચ્ચે એક સુંદર ચિત્ર મૂકી શકાય છે. આગળ જતાં દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો પણ ઉમેરી શકાશે. જેમકે, આ જ અંકમાં ઉમાશંકર જોશીનું કાવ્ય એમના જ હસ્તાક્ષરોમાં, આપણે એમનો બહુ જ ઓછો જોયેલો લાક્ષણિક ફોટો અહીં જોઈ શકાય છે. એ જ રીતે એમના જ અવાજમાં એક કાવ્ય પણ સાંભળવા મળે તો કવિની એક પૂરી પ્રદક્ષિણા કર્યાનો સંતોષ સાંપડે. આવા પ્રયોગો પણ ભવિષ્યમાં કરીશું. હાલ તો ઈન્ટરનેટની ઓછી ઝડપથી પણ કોમ્પ્યુટરના પડદે વાચકો માટે પાનું ઝટ ખૂલે તેની તજવીજમાં છીએ.

પણ સૌથી વિશેષ આનંદ તો વાચકોની વધામણીનો છે. દેશ અને પરદેશ બન્નેના રસિક વાચકોના અમારા બારણે ટકોરા પડ્યા છે. સર્જકો અને ભાવકોનો એમ બન્ને બાજુએથી આવકારો મળ્યો છે. હજુ ઘણા મિત્રોએ પોતાનો અભિપ્રાય દાખવ્યો નથી, પણ એની સામે સાવ અજાણ્યા ચહેરાઓએ 'સંચયન'ને ઉમળકાથી નવાજ્યું છે.

...એમાંથી મળેલા અનેક પ્રતિભાવોમાંથી અહીં નીચે થોડા પ્રતિભાવો જોડીએ છીએ.

હજી બીજા નવાં સૂચનો અને પ્રતિભાવોની આશા સાથે... ફરી ત્રીજા અંકમા મળીએ...

**-અતુલ રાવલ**

**નોંધ:** ઘણાએ બે ને બદલે એક જ કોલમ કે અનુક્રમણિકામાંથી જ સીધા જે તે પાના ઉપર પહોંચી શકાય તેવું સૂચવ્યું છે અને તે મુજબનાં ફેરફારો આ બીજા અંકમાં કરી લીધા છે. –અ.

# : વાચકોના પ્રતિભાવો :

Hello Atulbhai, Kem Chho?
I just got the first issue of the e-magazine. I can see that a lot of thought has gone in it. It is sophisticated and smart visually; and when stalwarts like Sitanshubhai and Ramanbhai are involved in it so actively, the reading pleasure is also going to be perfect. Please put me in the list, and please keep sending me the new magazine. Wishes for lots of success and satisfaction.

**- Preety Sengupta, New York,**
**Known travel writer**

Just saw the first number of 'Sanchayan' . Well edited and quite well conceived. All the best.

**- Gulammohammed Sheikh**

પ્રિય અતુલભાઈ,
'સંચયન'નો ઈ-અંક મોટા ભાગનો વાંચી ગયો. ખૂબ જ સુંદર કામ થયું છે. આટલું જ સરસ થતું રહે એવી શુભેચ્છાઓ. ટાઈપસેટિંગમાં, પ્રૂફરીડિંગમાં કે બીજી કોઈ રીતે હું મદદમાં આવી શકું તો બહુ ગમશે. જરૂર જણાવજો.

**- અશોક મેઘાણી**

આદરણીય રમણભાઈ,
વિશ્વસ્તરે વિકસેલ ટેકનોલોજીનો આટલો સુંદર અભીગમ ફક્ત આવકારદાયક જ નહી, અનિવાર્ય છે. એમાં આપની પારખુ દષ્ટિ અને અનુભવ સંપાદન ભળ્યા એથી સોનામાં સુગંધ ભળી છે એ નિશંક છે. એકેક વિભાગ અને લેખ-ચયન કાબિલેદાદ છે એટલે તેમાં કશું કહેવાપણું નથી. ઉલટું આપ વધુ સારા આગામી અંકોની તરસ જગાવી છે. શાયદ આ માસિક ધોરણે અમ ભાવકોને પ્રાપ્ત થતું રહેશે. આ માટે આયોજકો અને આપશ્રી ધન્યવાદના સંપૂર્ણ હક્કદાર છે. કશા ય શબ્દો ચોર્યા વગર આ દિલની કેફિયત છે.

**- કીર્તિકાન્ત પુરોહિત, વડોદરા.**

પ્રિય શ્રી અતુલ રાવલ,
સંચયનના આવાં ડાયજેસ્ટ રૂપનો વિચાર વધાવવા લાયક છે. ખાસ કરીને વિદેશોમાં વસતાં સાહિત્યરસિકો માટ તે સાહિત્યસેતુરૂપ બનશે. માનનીય શ્રી સિતાંશુભાઈ અને રમણભાઈ સોની ગુજરાતી સાહિત્યનાં બે એવાં નામ છે, તેમની આસપાસ ગુણવત્તા વગર કહ્યે આવશે. આનંદ અને શુભેચ્છા.

**–રમણીક અગ્રાવત**

પ્રિય અતુલભાઈ,
નમસ્તે. રાહ જોતી'તી જ. તમારા આ ઈ.સામયિકને અપ્રતિમ શબ્દથી ચોક્કસ નવાજી શકાય; અમથા વખાણ નથી કરતી, સાચું કહું છું.
મુખપૃષ્ઠથી જ શરૂ કરું. સામયિકોમાંથી કરેલાં સં-ચયન માટે એકદમ યોગ્ય. પછી એક સાહેબનું બીજા સાહિબ પરનું ચિત્ર, ક્યા બાત હૈ.. શેખસાહેબનું સાહિબવાળા કબીરજીનું. આગળ જતાં ભૂપેન ખખ્ખર. ભાતીગળ ચાકળાની સાથે બિરાજેલું સાહિત્ય. એમ થાય કે કોકના દિવાનખાનાના કળામય રાચરચીલા સાથે એ ઘરના પરિવારજનોનો થતો સુપેરે પરિચય. મુ.સિતાંશુભાઈ અને મુ. સોનીસાહેબ, સંખેડાની પાટ પર બેઠેલા બે મોભી.
વળી તમે આ જન્મશતાબ્દીવાળું સરસ લઈ આવ્યા. જુઓને વ.મુ.દર્શક, પારાશર્ય વગેરેને શ્રદ્ધાંજલિ આપી શકાય, વર્ષ દરમ્યાન; રાજેન્દ્ર શાહ તો ખરા જ. હા, આ વર્ષે 7-10-2013-થી બેગમ અખ્તરનું જન્મ શતાબ્દી વર્ષ છે, તો એમનેય અંજલિ આપી શકાય.
પાછું, બધા લેખકોનો ટૂંકોટચ છતાંયે સર્વાંગી એવો પરિચય આપી દીધો. સરસ, બહુ સરસ. અતુલભાઈ, શ્રેયાબહેન, રાજેશભાઈ, તમારું સૌનું આ 'એકત્ર; ઉપાડેલું પહેલું પગલું કંકુપગલું નીવડો.

- ભલે તો, **અરુણા જાડેજા**
અમદાવાદ, જાણીતા અનુવાદક અને નિબંધકાર

Dear Ramanbhai,

I went through the entire issue of Sanchayan today morning, in one sitting, with great interest.

The issue is not only full of most interesting write-ups but also artistically decorated. Normally, I lack interest in essays, but the essays selected by you are so lucid and engrossing that I could not resist the temptation of going through all the essays.

The limit of the pages is also ideal for the busy people of modern life to read it quickly.

The choice of the write-ups, of course, reveals your thumb impression.

I admire the enthusiasm and commitment of the enlightened friends settled in a foreign land to use the medium of the latest technology to link the cultivated Gujaratis living abroad, but dispersed in different countries, and thereby create a graciously cultured Vishwa Gujarati Samaj.

I am also impressed by their literary wisdom in associating Sitanshubhai and you with their innovative enterprise.

I am, therefore, confident that Sanchayan will be a great success.

I also look forward to the e-book project with high hopes.

Kindly accept my heartiest congratulations, and best wishes for the future issues.

**-Pravin Patel**

Former professor of sociology, MS Uni. and
Former vice-chancellor, Sadar Patel Uni. at
Vallabh Vidyanagar

Atulbhai,

I am impressed at the way you had presented a variety of Gujarati Sahitya publications of so many well known including Kavi Dalpatram. You are in America. And, you understood how difficult it is to get the Gujarati book to read here. In Gujarat there are public libraries and even book stores to go to. In America & elsewhere in the Overseas, there are so many Gujarati who have the "deep love" for our Gujarati Bhasha & who may be craving to read this literature. You envision this problem faced by so many in America. The launching of E-format "Sanchayan"is a wonderful idea. Your 1st publication with the Guidance of the great personalty og Gujarati Sahitya,Shri Ramanbhai Soni is one of the best thing that happened. I feel fortunate to read it, My "Abhinandan" to you. May you fulfill your desire & goal to cater to the Gujarati readers of Overseas who are longing to read the matter in our Gujarati Bhasha.

**-Dr. Chandravadan Mistry**

પ્રિય રમણભાઈ,

જેની અત્યંત ઉત્સુકતા હતી એ 'સંચયન'નું આગમન થયું તેને ઘણા દિવસ થયા.

ગુજરાતી વેબ-જગતમાં વાચનરસ પોષનારા પ્રયાસો તો અનેક થયા કરે છે, પણ 'સંચયન'નો આ પહેલો અંક ઊંચી આશા અને અપેક્ષા જગાડી જનારો છે.

વર્તમાન સાહિત્યમાં જે ઉત્તમ છે એ તમે પીરસ્યું છે. એક નવી ભાત પડી છે. આટલાં પાનાંથી તૃપ્તિ તો ન થાય, પણ વાચન-ઉત્કંઠા જગાવે છે એટલે નવા અંકોની રાહ જોવાશે. થોડા અંકો આવશે પછી સામયિકનું કાઠું બંધાશે. સાહિત્યનો સામાન્ય વાચક આવી રાહ જુએ એ પ્રયાસની સાર્થકતાનો નિર્દેશ છે.

એક-બે વાત : સામગ્રી તેમજ આરંભે સામયિકોનાં આવરણો પ્રદર્શિત છે તેના ઉપરથી છાપ એવી ઊભી થાય છે કે આ સાહિત્યનો સંચય છે; અન્ય લેખન-વિષયો તેમાં નથી. સામાન્ય વાચનનું સામયિક હોય તો તેમાં અનેક વિષયો સમાય. બીજું, સાહિત્યની સાથે કલારુચિ સંવર્ધે એવી સામગ્રી જરૂર આવકાર્ય છે. તમે જે સચિત્ર સામગ્રી આપી એ વિશિષ્ટ ગણાય એવી છે. સાહિત્ય-કલાનો અલ્પ સંપર્ક હોય એવા ભાવકને માટે આ ચિત્રો સાથે પરિચયાત્મક આસ્વાદ-નોંધ હોય તો એ ખૂબ મદદરૂપ થાય, નહીં તો, દાખલા તરીકે, શેખ, ઓજાઇ, ભુપેન ખખ્ખર ને ગ્રેત્નાનાં કેવળ રંગ-સંયોજન અને આકૃતિ-સૌંદર્ય જોવાનાં રહેશે.

અનુક્રમણિકા એ માત્ર સામગ્રીની યાદી નથી, પણ વાચકને વાચન-આયોજનમાં સહાય કરનાર માધ્યમ છે. તેથી, મારે પ્રવીણસિંહ ચાવડાની વાર્તા કે જયદેવ શુક્લના કાવ્ય ઉપર પહોંચવું હોય તો એ કૃતિઓ ક્યાં પાનાં પર છે તેની માહિતી મને ત્યાંથી ન મળે તો એ શોધની મહેનત વધી જાય.

આવા સામયિકની મુદ્રિત આવૃત્તિ પણ પ્રગટ થાય તો 'નેટ'ની દુનિયાથી અણજાણ એક બહુ મોટો વર્ગ પણ લાભ પામી શકે. મારા જેવા બીજા લોકો પણ હશે જે 'નેટ' ઉપર લાંબું વાંચવાનું પસંદ ન કરતા હોય; એમને પણ આવી મુદ્રિત આવૃત્તિ ગમે.

'સંચયન' હજારો ગુજરાતીઓ સુધી પહોંચશે અને તમારી મહેનત લેખે લાગશે એવી આશા રાખીએ. જુદાજુદા દેશોમાં ગુજરાતી પ્રજાનાં મંડળો હશે, એમની વેબસાઈટ હશે, તેમની સાથે સંયોજન સાધીને આ સામયિકનો વ્યાપ વધારવાના પ્રયાસો અતુલભાઈએ વિચાર્યા જ હોય.

**- જયંત મેઘાણી**

પ્રસાર, ભાવનગર

Dear Atulbhai and Rajesh,
Many congratulations on the first issue of e-magazine. It is a well perceived and beautifully executed issue. I guess visual impact is also important in this format which has been taken care of. I regard this as a journal not only for those living abroad but for the new reader of gujarati in India who is more conversant with the digital world. I have no doubt that you will achieve your goals under Ramanbhai's editorship. This will quench thirst of many with quality reading.

**- Kamal Vora**

પ્રિય અતુલભાઈ,
ઉત્તમ સાહિત્યપ્રસાર માટે આજે emagazine સર્વોત્તમ માધ્યમ છે, computer થી પરિચિત ભાવકો માટે તથા નવી સાહિત્યરસિક પેઢી માટે પણ ! મુ. રમણ સોની આપણા વિદ્વાન સર્જક વિવેચક રહ્યા છે એટલે ચયનનું સ્તર સ્વભાવિક રીતે ઉચ્ચ જળવાઈ રહેવાનું. કૃતિઓની સરસ પસંદગી, ઉત્તમ કલાચિત્રો, કલાસભર લે આઉટ... આ બધું જ ઈ-ડાયજેસ્ટના નવા "ભેસ"ને રમ્ય, આસ્વાદ્ય બનાવે છે. પ્રથમ અંકનું દિલથી સ્વાગત ! ખૂબ ખૂબ અભિનંદન અને સ્નેહ ..

**- સંજય પંડ્યા, મુંબઈ**

પ્રિય અતુલભાઈ તથા એકત્રજનો,
સંચયનના અવતરણના સાહસ બદલ અભિનંદન આભાર. સાદ્યંત સુંદર અને સ્તરીય પ્રકાશન. આભાર.

**- ભરત કાપડીઆ, રાજકોટ**

તમે તો ગાગર માં સાગર ભરી દીધો, અતુલભાઈ ...
વાહ રે વાહ.... દૂર દૂર થી તમે કેટલા નજદીક આવી ગયા...!!!! સિતાંશુભાઈ હોય પછી ગુજરાતી માંજેલી જ મળે અને બાકી રમણ સોનીનું સંપાદન.. સુભગ સુમેળ!!!! જન્મ શતાબ્દિ અને સૌ ના ઠેકાણાં ની વિગતો તો દોર આગળ ધપાવશે તે નક્કી માં ... તમને, તમારી ટીમને ખોબો ભરીને અભિનંદન .. બંને મુરબ્બીઓ ને વંદન..

**- ભદ્રાયુ**
(Dr. V. Bhadrayu Vinayak)

ભાઈશ્રી અતુલભાઈ,

તમારું ઈ-મેગેઝિન 'સંચયન'મળ્યું. સરસ પ્રયાસ થયો છે. સંપાદકશ્રી રમણભાઈ સોની અને તંત્ર સંચાલક શ્રી રાજેશભાઈ મશરૂવાળાના આર્શીવાદ અને સહયોગથી આ કામ સરસ રીતે થશે તેમાં કોઈ શંકા નથી. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તમે મોકલેલ ઈ-મેઈલ બીજાને વાંચવા માટે મોકલી શકાય તેવી કાયમી વ્યવસ્થા અમે ગોઠવીશું. ચર્ચાવિચારણાના અંતે ગોઠવી શકાશે તો ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ પર આ જર્નલ્સ મૂકાય તેવી વ્યવસ્થા ગોઠવીશું.

**- રાજેન્દ્ર ખીમાણી,**
કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આપણાં સામયિકો અને પુસ્તકોમાંથી ઉત્તમ સામગ્રીનું ચયન-સંકલન આપવાનો આ પ્રકલ્પ અત્યંત પ્રસ્તુત તેમજ આનંદદાયક છે. દુનિયાભરમાં પથરાયેલા ગુજરાતીઓ સુધી એ સામગ્રી પહોંચશે.આ રચનાત્મક સાહસને કારણે માતૃભાષા ગુજરાતીનો બહુવિધ પ્રસાર થશે. શ્રી રમણ સોની આ માટેના શ્રદ્ધેય સંપાદક છે. “સંચયન”ના ઓગસ્ટના પ્રથમ અંકમાં ટેકનોલોજીના વિનિયોગથી અનોખા રાગ-રંગો ઉમેરાયા છે. અભિનંદન...

**- જગદીશ ગૂર્જર**
અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, દ.ગુ. યુનિ., સુરત

શ્રી રાજેશભાઈ, શ્રી અતુલભાઈ,
નવું સાહસ કરવા બદલ તો ધન્યવાદ, પરંતુ ખરેખર તો અમેરીકામાં રહેતાં અમારા જેવા સીનીયર સીટીઝન "ગુજરાતી"ઓ માટે આવું સરસ "ઈ સામયિક" બનાવવા માટે તો ખોબલે ખોબલે હાર્દિક ધન્યવાદ....!!! ખાસ તો બધા સામયિક તો વાંચી ન શકીએ, પણ સારાસારા લેખો એક સાથે વાંચવા મળે તે અમારે માટે તો અહોભાગ્યજ કહેવાય........

**- મનસુખલાલ ગાંધી,** Corona (Los Angeles), CA

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of **સાર્થ ગૂજરાતી જોડણીકોશ**, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "**હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી**". Definitive dictionary was the last foundation stone of modern Gujarati language whose beginning can be traced with Narmad and Dalapatram in mid nineteen century. Only a few select languages including Gujarati rode the technology wave of printing press that was introduced in the nineteen century. Today, Gujarati along with only two-dozen other languages that leveraged printing press technology are the official languages of India. All those languages that could not make this transition are extinct or on "endangered species" list.

Now in the twenty first century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital or eBook. Any language that will not make this transition will be extinct or on endangered species list by 2050 and its literature confined to annals of history and university research.

Conversely, languages surviving the digital revolution will explode in usage. Access to literature will be ubiquitous. Every electronic device – from mobile phones to cars will hold literature in digital form. And every person will have unhindered access to it.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar very successful effort, Project Gutenberg created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available on the eBook readers at no charge. Once Gujarati books are truly digitized, they will be immediately available on eBook readers including Kindle, iPad, Android tablets, Aakash and smart phones. On the web, they will be fully searchable by Google search engine.

## First Year's Goals & Tasks

In the first year of operation, we will focus on two tasks

1. Supply technology. Provide robust and open source software tools to convert existing content into true e-Book formats.
2. Build organization. Establish relationship with i) authors ii) publishers and iii) e-book distributors to source and distribute eBooks. Build volunteer organization to select, review and evangelize Gujarati digital library vision.

Technology. Several obstacles stop publishers to make Gujarati books available as eBooks. First, taking Gujarati content created in DTP software into formats acceptable for iPad, Kindle, Android tablets or smart phones requires a bit of black magic. Second, very valuable Gujarati literature is already available in proprietary digital form but there is no simple process to convert this material into eBook. Finally, absence of Gujarati OCR to convert printed books into eBook format prevents digitization of classic literary books. Eaktra will provide open source software, detailed "how to" help and examples for each case.

Organization. In addition to creating a legal institution to sustain this effort, there is need to build publisher and distribution network for eBook. In the eBook world, distribution of books requires new relationship with organizations like Amazon, Google, Apple and Project Gutenberg. In addition, more and more books are listed on places like Google Books for search, reference and purchase.

Eaktra will distribute copyright free or duly licensed (Creative Commons) books. The publishers will be able to utilize Eaktra tools and relationship to sell their copyright books.

## Get Involved

Eaktra needs help of global Gujarati diasporas, especially senior citizens and students

a. Sourcing of Gujarati material available in PDF, DTP or other such electronic format. This is the simplest form to convert to eBook. Eaktra can receive such material if it is free of copyright or licensed under Creative Commons. At this moment, Eaktra is not yet ready to accept scanned (image) books.

b. Receiving sample text of material that publishers may wish to sell in eBook format. The samples text in PDF or other electronic formats will be used during testing phase. Publishers can be then be assured that the supplied technology will be sufficiently robust.

c. Obtaining names of potential volunteers and organizations that could assist in this mission in any form. We could use assistance in variety of forms – from sourcing material to reviewing to helping prioritize conversion.

## Contact


Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

Atul Raval | atulraval@ekatrafoundation.org